પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૦૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૭-૦૪-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પ્રશાંત કિશોર કોંગ્રેસમાં સામેલ થશે નહિ,અમારી ઓફરને પીકેએ ઠુકરાવી : રણદીપ સુરજેવાલ




નવીદિલ્હી,

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ એકબાદ એક ચૂંટણીમાં થઈ રહેલા પરાજય બાદ હવે લોકસભા-૨૦૨૪ની તૈયારી કરી રહી છે. તે માટે પાર્ટીમાં ઘણા પ્રકારના ફેરફાર કરવાનું સૂચન આપવામાં આવ્યા અને ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરની ભૂમિકા સૌથી મહત્વની માનવામાં આવી રહી હતી. પરંતુ હવે કોંગ્રેસ તરફથી એક નિવેદન સામે આવ્યું છે કે પ્રશાંત કિશોરે કોંગ્રેસની કમિટીમાં સામેલ થવાનો ઈનકાર કરી દીધો છે.

કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સિંહ સુરજેવાલા તરફથી માહિતી આપવામાં આવી કે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી તરફથી ૨૦૨૪ માટે એક એક્શન ગ્રુપ બનાવવામાં આવ્યું હતું, પ્રશાંત કિશોરને આ ગ્રુપના ભાગ બનાવવા અને તમામ જવાબદારી સંભાળવાની ઓફર આપવામાં આવી હતી. પરંતુ તેમણે ઈનકાર કરી દીધો છે. અમે તેમના પ્રયાસ અને પાર્ટીને આપવામાં આવેલા સૂચનોનું સન્માન કરીએ છીએ.

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે ટ્વીટ કરી કહ્યુ, કોંગ્રેસ પાર્ટીએ મને એમ્પાવર્ડ એક્શન ગ્રુપમાં સામેલ થવા અને ચૂંટણીની જવાબદારી સંભાળવાની ઓફર આપી હતી, પરંતુ મેં ઈનકાર કરી દીધો છે. મારાથી વધુ આ સમયે પાર્ટીને સંયુક્ત પ્રયાસ અને સારા નેતૃત્વની જરૂર છે જે તેના મૂળમાં રહેલી સમસ્યાને ખતમ કરી શકે. પ્રશાંતે લખ્યું છે - મેં એમ્પાવર્ડ એક્શન ગ્રુપનો ભાગ બનવા, પાર્ટીમાં જોડાવાની અને ચૂંટણીની જવાબદારી લેવાની કોંગ્રેસની ઓફર ઠુકરાવી દીધી છે. મારા મતે પક્ષની આંતરિક સમસ્યાઓ ઉકેલવા માટે કોંગ્રેસને મારા કરતા વધુ નેતૃત્વ અને મજબૂત ઈચ્છાશક્તિની જરૂર છે.

કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ સોમવારે કહ્યું હતું કે એમ્પાવર્ડ એક્શન ગ્રૂપ નક્કી કરશે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નીતિ શું હશે. ૧૦ જનપથ ખાતે યોજાયેલી બેઠકમાં કોંગ્રેસે ભવિષ્યને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો, જે અંતર્ગત કોંગ્રેસ દ્વારા ૬ નવી કમિટીઓની રચના કરવામાં આવી છે. આ તમામ ૬ કમિટીઓના અલગ કન્વીનર તરીકે મલ્લિકાર્જુન ખડગે, સલમાન ખુર્શીદ, પી ચિદમ્બરમ, મુકુલ વાસનિક, ભૂપિન્દર સિંહ હુડ્ડા અને અમરિંદર સિંહ વારિંગ કામ કરશે.

સોનિયા ગાંધીએ પ્રશાંતની રજૂઆત અને તેમના પક્ષમાં જોડાવા અંગે વિચારણા કરવા માટે કોંગ્રેસના નેતાઓની એક કમિટીની રચના કરી હતી. આ કમિટીએ પાર્ટી અધ્યક્ષ સોનિયાને રિપોર્ટ સુપરત કર્યો હતો. પ્રશાંત અંગે નિર્ણય લેવા માટે કમિટીના સભ્યો કેસી વેણુગોપાલ, દિગ્વિજય સિંહ, અંબિકા સોની, રણદીપ સુરજેવાલા, જયરામ રમેશ અને પ્રિયંકા ગાંધી વાડ્રા ૧૦ જનપથ ગયા હતા.કમિટી એવું પણ ઈચ્છતી હતી કે પ્રશાંત પોતાને અન્ય તમામ રાજકીય પક્ષોથી દૂર રાખે અને પોતાને સંપૂર્ણપણે કોંગ્રેસમાં સમર્પિત કરે. પ્રશાંત કિશોરે સૂચવ્યું હતું કે કોંગ્રેસ, મમતા બેનર્જીની ટીએમસી અને કેસીઆરની ટીઆરએસ જેવી પ્રાદેશિક પાર્ટીઓ સાથે ગઠબંધન કરવું જોઈએ.

પીકેએ કોંગ્રેસને ૬૦૦ પાનાનું પ્રેઝન્ટેશન પણ આપ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે સત્તામાં પાછા ફરવા માટે પાર્ટીએ શું કરવું પડશે. જો કે કોંગ્રેસના ઘણા દિગ્ગજોને પહેલેથી જ પ્રશાંતના સુચનોથી અવગણના હતી. તેઓ ખુદ હૈદરાબાદમાં તેલંગાણાના મુખ્યમંત્રી કેસીઆરના ઘરે ૨ દિવસ રહ્યા હતા.

મહત્વનું છે કે આ પહેલાં ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે કોંગ્રેસના ઘણા નેતાઓ સાથે મુલાકાત કરી હતી. જેમાં પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીને આવનારી ચૂંટણીને લઈને સૂચનો આપ્યા હતા. જણાવવામાં આવ્યું કે એક પ્રેઝન્ટેશન સોનિયા ગાંધી સુધી પહોંચાડવામાં આવ્યું હતું. કોંગ્રેસ તરફથી કહેવામાં આવ્યું કે તેના પર કામ કરવામાં આવશે. ખુદ સોનિયા ગાંધીએ અનેકવાર પ્રશાંત કિશોર સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ કહેવામાં આવી રહ્યું હતું કે કોંગ્રેસ જલદી પ્રશાંત કિશોરને પાર્ટીમાં કોઈ મહત્વનું પદ સોંપી શકે છે. પરંતુ હવે પાર્ટી તરફથી કહી દેવામાં આવ્યું કે પીકેએ આમ કરવાનો ઈનકાર કરી દીધો છે.

રાજસ્થાનના ઉદયપુરમાં કોંગ્રેસની ચિંતન શિબિર આયોજીત થવાની છે. આશરે ૯ વર્ષ બાદ પાર્ટી આ ચિંતન શિબિરનું આયોજન કરી રહી છે. ખાસ વાત છે કે તે માટે બનાવવામાં આવેલી ૬ કમિટીઓમાં કોંગ્રેસથી નારાજ જી-૨૩ના નેતાઓને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. જાણવા મળ્યું કે પ્રશાંત કિશોરના કહેવા પર આમ કરવામાં આવ્યું છે. કારણ કે પીકેએ ખુદ જી-૨૩ના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. કોંગ્રેસની આ ચિંતન શિબિર ૧૩થી ૧૫ મે સુધી ચાલશે. આ ત્રણ દિવસમાં અનેક મુદ્દા પર ચર્ચા થશે. સાથે લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને રણનીતિ તૈયાર કરવામાં આવશે.

## ગુજરાતમાં આંગણવાડી વર્કરને ગ્રેચ્યુટીનો લાભ આપવા સુપ્રીમ કોર્ટનો આદેશ

નવીદિલ્હી,

સીટુ સંકલિત ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા, ગુજરાતી આંગણવાડી વર્કર તથા હેલ્પર બહેનો ને ગ્રેચ્યુટી એક્ટ તળે, તેઓ નિવૃત્ત થાય ત્યારે છુટા થાય, ત્યારે ગ્રેચ્યુટી ચૂકવવી જોઈએ તે પ્રકારના ગુજરાતના ૧૨ જિલ્લાની નિવૃત થયેલી બહેનો ના કેસો આસિસ્ટન્ટ કમિશનર ઓફ લેબર સમક્ષ રજૂ કર્યા હતા.પરંતુ આ બહેનોને નિવૃત્તિના લાભ ચૂકવવાને બદલે લેબર કમિશનરના હુકમની સામે ગુજરાત હાઈકોર્ટમાં ગુજરાત સરકારે કેસ દાખલ કર્યો હતો. પરંતુ ગુજરાત હાઈકોર્ટના જુસ્ટિસ શ્રી ઉપાધ્યાય દ્વારા આ બહેનોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.ગુજરાત સરકારે આ ગુજરાત હાઈકોર્ટના હુકમને પડકારીને એલપીએ દાખલ કરી હતી અને તેમાં આંગણવાડી બહેનોની વિરુદ્ધનો ચુકાદો આવેલ હતો.

આ ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અપીલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન ના પ્રમુખ અરુણ મહેતા અને મહામંત્રી કૈલાસબેન રોહિતે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી.સુપ્રીમ કોર્ટમાં આ પિટિશનના ચાલી જતા, ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન વતી સુપ્રીમ કોર્ટના વકીલો સુરેન્દ્રનાથ રાય, સુભાષચંદ્રનં અને એડવોકેટ પલોમી એ પૂર્ણ વિસ્તૃત દલીલો દ્વારા રજૂઆત કરતા સુપ્રીમ કોર્ટના નામદાર ન્યાયાધીશો જસ્ટિસ અજયકુમાર રસ્તોગી અને જસ્ટિસ અભય આકા દ્વારા આજરોજ તારીખ ૨૫ એપ્રિલના રોજ આંગણવાડી બહેનો અને તરફેણમાં ઐતિહાસિક ચૂકાદો આપેલ છે અને આંગણવાડી બહેનોની વિરુદ્ધનો ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો છે નામદાર ગુજરાત હાઈકોર્ટ ના સિંગલ જુસ્ટિસ ઉપાધ્યાયના રાખ્યો છે આ સુપ્રીમ કોર્ટના ચુકાદા દ્વારા આંગણવાડી વર્કરો ને ગ્રેજ્યુટી ના હેતુ માટે હકદાર હોવાનું ઠરાવેલ છે.

લાંબા સમયથી આંગણવાડી બહેનો માનદ સેવક હોય ને તેમજ માનદવેતન મેળવતી હોવાથી ગ્રેજ્યુટી નો લાભ ન મળી શકે તેવા પ્રકારનું વલણ ગુજરાત સરકારે અને દેશની સરકારે અપનાવેલી હતું પરંતુ આ ચુકાદાથી હવે ગુજરાતના અને દેશના આંગણવાડી વર્કર અને હેલ્પરને ગ્રેચ્યુટી એક્ટ તળે તેમના નોકરીના વર્ષોની ગણતરી ના પ્રમાણમાં નિવૃત્તિ સમયે ગ્રેચ્યુટી ની રકમ ચૂકવવી પડશે.

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન ના આગેવાન અરુણ મહેતા અને મહામંત્રી કૈલાસબેન રોહિતે સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકાર્યો છે આ ચુકાદાનો અમલ તાત્કાલિક અસરથી ગુજરાત સરકાર કરે તેવી માગણી કરેલ છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન તરફથી ગુજરાતની નિવૃત્ત થયેલા આંગણવાડી બહેનો ના આ આસિસ્ટન્ટ કમિશનર ઓફ લેબર સમક્ષ કરેલ હતા. સુપ્રીમ કોર્ટના ચુકાદા મા આંગણવાડી વર્કર અને હેલ્પર દેશની કુપોષનની રાષ્ટ્રીય સમસ્યા ની જવાબદારી સંભાળી રહી હોય તેઓની આર્થિક સ્થિતિ સુધારવા માટે પણ કેન્દ્ર સરકારને ભલામણ કરેલ છે.આ ચુકાદો આવતા ખુશીની લહેર આવી ગઈ છે.

### કોરોના કેસની સુપરફાસ્ટ સ્પીડે વધારી ચિંતા

## ૧૨ રાજ્યો સિવાય, ૮ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો એવા છે જ્યાં કેસ સતત વધી રહ્યા છે



નવીદિલ્હી,

દેશમાં કોરોનાનાં કેસમાં ૧૧ અઠવાડિયામાં સતત ઘટાડા બાદ ગત બે અઠવાડિયાથી દર્દીઓની સંખ્યા ફરીથી વધતી જઈ રહી છે. ગત ત્રણ દિવસથી તો સતત ૨૫૦૦થી વધુ કેસ આવી રહ્યાં છે. ૧૮થી ૨૪ એપ્રિલની વચ્ચે જ ૧૫,૭૦૦થી વધુ નવાં દર્દીઓ સામે આવ્યાં છે. ગત અઠવાડિયે તેમાં ૯૫ ટકાનો વધારો થયો છે. કોવિડ કેસમાં વધારો હવે ૧૨થી વધુ રાજ્યોમાં થઈ ગયો છે. જે ગત અઠવાડિયે માત્ર ત્રણ રાજ્યોમાં હતો. આ બાદ ઘણાં રાજ્યોએ ફરીથી પ્રતિબંધો લાદવાનાં શરૂ કરી દીધા છે. પરિસ્થિતિની ગંભિરતા જોતા બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ મુખ્યમંત્રીઓ અને સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે વીડિયો કોન્ફેર્સિંગ દ્વારા બેઠક પણ કરી હતી.

ગયા સપ્તાહ સુધી માત્ર દિલ્હી, હરિયાણા અને યુપીમાં કેસ વધતા જોવા મળતા હતા, પરંતુ હવે કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, બંગાળ, રાજસ્થાન અને પંજાબમાં પણ ચિંતા વધી છે. ૧૨ રાજ્યો સિવાય, ૮ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો એવા છે જ્યાં કેસ સતત વધી રહ્યા છે, પરંતુ હજી પણ અઠવાડિયામાં ૧૦૦ થી નીચે છે. મહારાષ્ટ્રમાં ગયા સપ્તાહથી અત્યાર સુધીમાં ૪૮ ટકા કેસ વધ્યા છે. કર્ણાટકમાં ૭૧ ટકા, તમિલનાડુમાં ૬૨ ટકા, બંગાળમાં ૬૬ ટકા અને તેલંગાણામાં ૨૪ ટકાનો ઉછાળો આવ્યો છે. ઉત્તર ભારતની વાત કરીએ તો રાજસ્થાનમાં એક સપ્તાહમાં ૫૭ ટકા કેસ વધી ગયા છે. પંજાબમાં ગયા અઠવાડિયે ૫૬ દર્દીઓની સંખ્યા ત્રણ ગણી થઈ છે.

દિલ્હીમાં સતત ચોથા દિવસે દિલ્હીમાં કોરોનાના ૧૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. ચેપ દર પણ ૬.૪૨ ટકા પર પહોંચી ગયો છે. વધતા સંક્રમણને ધ્યાનમાં રાખીને માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું છે. માસ્ક ન પહેરવા પર ૫૦૦ રૂપિયાનો દંડ થશે. ૧૮ થી ૫૯ વર્ષના લોકો માટે ફ્રી બૂસ્ટર ડોઝની પણ જાહેરાત કરવામાં આવી છે.

યુપીમાં પણ કોરોનાની ઝડપે ચિંતા વધારી દીધી છે. સૌથી વધુ કેસ દિલ્હીને અડીને આવેલા ગૌતમ બુદ્ધ નગર અને ગાઝિયાબાદમાં આવી રહ્યા છે. રાજધાનીની બાજુમાં આવેલા એનસીઆરના વિસ્તારોમાં માસ્ક ફરજિયાત કરવામાં આવ્યા છે. યુપી સરકારે ૧ એપ્રિલે માસ્ક પરનો પ્રતિબંધ હટાવી લીધો હતો, પરંતુ હવે તેને ફરીથી જરૂરી બનાવી દેવામાં આવ્યો છે.

દિલ્હીના પડોશી હરિયાણામાં, કોરોના ચેપ દર વધીને ૫.૧૪ ટકા થઈ ગયો છે, જે ૧ એપ્રિલના રોજ ૦.૪૦ ટકા હતો. વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને, એનસીઆરમાં રાજ્યના ચાર જિલ્લા - ગુરુગ્રામ, ફરીદાબાદ, સોનીપત અને ઝજ્જરમાં માસ્ક જરૂરી બનાવવામાં આવ્યા છે.

કર્ણાટકમાં કોવિડ-૧૯ સંબંધિત નિયંત્રણો ૨૮ ફેબ્રુઆરીથી દૂર કરવામાં આવ્યા હતા. પરંતુ હવે માસ્ક લગાવવું અને સામાજિક અંતરનું પાલન કરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. જાહેર સ્થળોએ થૂંકવું એ પણ સજાપાત્ર ગુનો હશે. અહીં ચેપનો દર ૧.૯ ટકાને વટાવી ગયો છે. તેલંગાણામાંઆ મહિનાની શરૂઆતમાં અહીં માસ્ક પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો, જે હવે ફરીથી લાગુ કરવામાં આવ્યો છે. તેલંગાણામાં માસ્ક વગર જોવા પર ૧૦૦૦ રૂપિયાના દંડનો નિયમ છે.

તમિલનાડુમાં જાહેર સ્થળોએ માસ્ક વગર જોવા મળતા લોકોને ૫૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આંધ્રપ્રદેશ સરકારે ફરીથી માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવ્યું છે. નિયમનો ભંગ કરનારને ૧૦૦ રૂપિયાનો દંડ ફટકારવાનો નિયમ છે. છત્તીસગઢ સરકારે ફરી એકવાર જાહેર સ્થળોએ ફેસ માસ્ક ફરજિયાત બનાવ્યું છે. જાહેર સ્થળોએ થૂંકવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

## ગરમીના પ્રકોપ વચ્ચે આજથી ૪ દિવસ માટે ઓરેન્જ એલર્ટ



અમદાવાદ,

દેશમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ ખુબ વધ્યો છે, અનેક રાજ્યમાં હીટવેવએ માઝા મૂકી છે, ત્યારે ગુજરાતમાં પણ ગરમીનો પારો ઉંચો ચડી રહ્યો છે. અમદાવાદમાં પણ ગરમીનો પારો સતત વધી રહ્યો છે. ૨૬ એપ્રિલથી સતત એક અઠવાડિયું હીટવેવની આગાહી હોવાને લીધે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આગામી ચાર દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આનો અર્થ એ થયો કે આ ચાર દિવસ ગરમી ૪૧થી ૪૩ ડિગ્રી રહી શકે છે. આ વર્ષે એપ્રિલના પ્રારંભથી જ મે જેવી કાળઝાળ ગરમી પડવાની શરૂ થઈ છે. ૨૭ માર્ચથી ૨૫ એપ્રિલ સુધીના ૨૯ દિવસમાં માત્ર એક દિવસ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી ઓછો રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ફક્ત ૨૦ એપ્રિલે ૩૯.૬ ડિગ્રી ગરમી નોંધાઈ હતી.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાન તરફથી આવતા ઉત્તર પૂર્વના ગરમ પવનને કારણે કાળઝાળ ગરમી પડી રહી છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર પાકિસ્તાનની આસપાસ સર્જાયેલા એન્ટિ સાઈક્લોનિક સરક્યુલેશનની અસરથી મંગળવારથી ૨ મે સુધીના ૮ દિવસ હીટવવેની આગાહી છે. હીટવેવ દરમિયાન ગરમીનો પારો ૪૪ ડિગ્રી કે તેથી વધારે રહેવાની શક્યતા છે. ખાસ કરીને ૨૯ અને ૩૦ એપ્રિલે રેકોર્ડબ્રેક ગરમી પડી શકે છે.

## ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બરમાં જ યોજાશે : ભાજપ પ્રદેશ અધ્યક્ષ



રાજકોટ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી વહેલી યોજાવાની ચર્ચાઓ પર ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે ઠંડુ પાણી રેડી દીધું છે. રાજકોટમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં યોજાશે. રાજકોટમાં સૌરાષ્ટ્ર રિયલ એસ્ટેટ સમિટમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

આ દરમિયાન કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું, ગુજરાતમાં વહેલી ચૂંટણી નહીં યોજાય. વિધાનસભા ચૂંટણી નિયત સમયે જ યોજાશે. જ્યારે સૌરાષ્ટ્ર રિયલ એસ્ટેટે પાટીલને ગુજરાતનો નકશો ભેટમાં આપ્યો ત્યારે પાટીલે કહ્યું હતું કે "જે રીતે નકશો ભેટમાં આપ્યો તે રીતે જ ૨૦૨૨માં ગુજરાત ભેટમાં આપજો.

અવી ચર્ચાઓ છે કે ૧મેએ ગુજરાત સ્થાપના દિવસ બાદ વિધાનસભાનું વિસર્જન કરીને ૧૫ જૂન સુધીમાં વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી શકે છે. નરેન્દ્ર મોદી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવી ગયા છે, સાથે-સાથે અમિત શાહ પણ એપ્રિલના અંતમાં ફરીથી ગુજરાત આવી રહ્યા છે. બીજી તરફ, કોંગ્રેસના રાહુલ ગાંધી પણ ૧લી મેએ દાહોદ અને ૧૨મી મેએ બારડોલી આવી રહ્યા છે. છઁના કેજરીવાલનો પણ મેના પ્રથમ વીકમાં ગુજરાતનો પ્રવાસ ગોઠવાઈ રહ્યો છે. આ બધું જોતાં ગુજરાતમાં ચૂંટણી જૂન મહિનામાં આવે એવી પૂરેપૂરી શક્યતા છે.

## ગુજરાતમાં ચૂંટણી પહેલા આપ-બીટીપી વચ્ચે ગઠબંધનનું એલાન

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને દરેક પાર્ટીઓ દ્વારા તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા મોટું એલાન કરવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટી અને બીટીપી વચ્ચે ગઠબંધન કરવાનું એલાન કરવામાં આવ્યું છે અને આગામી ચૂંટણી બંને પાર્ટી સાથે મળીને ચૂંટણી લડશે.

નોંધનીય છે કે આ પહેલા બીટીપી નેતાઓ અને આપ નેતાઓ વચ્ચે અનેક વાર બેઠકો થઈ છે અને આજે આખરે પાર્ટીઓ દ્વારા એલાન કરવામાં આવ્યું છે કે ગઠબંધન કરવામાં આવશે. આગામી સમયમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ભરૂચમાં મોટો કાર્યક્રમમાં પણ કરવા જઈ રહ્યા છે જેમાં આદિવાસી નેતા છોટુ વસાવા સામેલ થશે.

ગુજરાત આપના અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાએ કહ્યું હતું કે છોટુ વસાવાએ ગરીબો અને આદિવાસીઓ માટે ગુજરાતમાં લડત આપી છે. ભૂતકાળની સરકારોએ હંમેશા આદિવાસીઓ સાથે અન્યાય કર્યો છે અને એટલે જ આમ આદમી પાર્ટીની છોટુ વસાવા સાથે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી હતી. આગામી પહેલી તારીખે અરવિંદ કેજરીવાલ અને છોટુ વસાવા સંમેલનમાં ગઠબંધનનું એલાન કરશે.

બીટીપી નેતા મહેશ વસાવાએ પણ ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીઓ પર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે આજે પણ આદિવાસીઓ બે ટંકના રોટલા માટે પોતાનું ઘર છોડી જાય છે. સરકારે સ્કૂલો બંધ કરી આદિવાસી સમાજને નુકસાન કર્યું અને એવામાં અમે સામે પક્ષે આપનું કામ જોયું છે. ગુજરાત સ્થાપના દિવસે અમે નવા ગુજરાતનું મોડલ આપીશુ.

## 'નવા ભારતનું નવું સૂત્ર, હર-ઘર બેરોજગારી, ઘર-ઘર બેરોજગાર', મોંઘવારી-રોજગાર પર રાહુલનો કેન્દ્ર પર પ્રહાર




નવીદિલ્હી,

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સતત મોંઘવારી અને રોજગારના મુદ્દે કેન્દ્ર પર નિશાન સાધે છે. ફરી એકવાર ન્યૂ ઈન્ડિયા પર ટોણો મારતા તેમણે બેરોજગારીને લઈને કેન્દ્ર સરકાર પર જોરદાર પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું, 'નવા ભારતનું નવું સૂત્ર- હર ઘર બેરોજગારી, ઘર ઘર બેરોજગારી.' આ ટ્વીટમાં રાહુલે આગળ લખ્યું- 'મોદીજી ૭૫ વર્ષમાં દેશના પહેલા એવા વડાપ્રધાન છે જેમના 'માસ્ટરસ્ટ્રોક'થી ૪૫ કરોડથી વધુ લોકો નોકરી મેળવવા માટે રવાના થયા છે.

બીજી તરફ કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ પણ બેરોજગારી અને મોંઘવારી અંગે કેન્દ્ર પર પ્રહારો કર્યા હતા. તેમણે ટ્વીટ કરીને કહ્યું- 'મોદી સરકારમાં લોકોની રોજીરોટી છીનવાઈ જ નહીં, કરોડો આશાઓ પણ મરી ગઈ. ૯૦ કરોડમાંથી ૪૫ કરોડ લોકોએ થાકીને નોકરી શોધવાનું છોડી દીધું. અર્થવ્યવસ્થામાં 'અડધી વસ્તી'ની ભાગીદારી ઘટીને ૧૮% થઈ ગઈ છે. અમૃતકાળમાં દેશ બેરોજગારી અને મોંઘવારીનું ઝેર પીવા મજબૂર છે.

અગાઉ, રાહુલે કહ્યું હતું કે પીએમ મોદીના 'માસ્ટરસ્ટ્રોક' એ તમારા મહેનતની કમાણીનો નાશ કર્યો છે, મોંઘવારી દર અને ઘટતા ફિક્સ્ડ ડિપોઝિટ અથવા ફ્લ્ઢ વ્યાજ દર વિશે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું- "મોંઘવારી દર ઘટીને ૬.૯૫ ટકા થઈ ગયો છે, જ્યારે ફ્લ્ઢ વ્યાજ દર ઘટીને ૫ ટકા થઈ ગયો છે. તમારા બેંક ખાતામાં ૧૫ લાખ જમા કરવાનું ભૂલી જાઓ, પીએમ મોદીના 'માસ્ટરસ્ટ્રોક'એ તમારી મહેનતની કમાણીનો નાશ કર્યો છે. " રાહુલ ગાંધીએ ટ્વીટમાં કહ્યું કે વર્ષ ૨૦૨૨માં ૨ લાખ રૂપિયા ફિક્સ કરવાથી ૧૧,૪૩૭ રૂપિયા મળે છે, જ્યારે વર્ષ ૨૦૧૨માં ૧૯,૧૫૨ રૂપિયા વધુ હતા. રાહુલ ગાંધીએ તેને જન ધન લૂંટ યોજના ગણાવી છે.

## હવે ટિકિટ રિઝર્વેશન માટે રેલવે સ્ટેશન જવું નહીં પડે,પોસ્ટ ઓફિસમાંથી જ મળી રહેશે



ભોપાલ,

પશ્ચિમ મધ્ય રેલવે દ્વારા પેસેન્જર સુવિધાઓનો વિસ્તરણ કરવામાં આવી છે, મધ્ય પ્રદેશમાં ૯ પોસ્ટ ઓફિસમાં રેલ રિઝર્વેશન કરવાની સુવિધાની શરૂઆત કરવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં ૬૭ હજારથી વધુ મુસાફરોએ અહીં રેલ રિઝર્વેશનની સુવિધાનો લાભ લીધો છે. સીપીઆરઓ રાહુલ જયપુરિયારે જણાવ્યું કે મધ્યપ્રદેશના અધિકારક્ષેત્ર હેઠળની ૯ પોસ્ટ ઓફિસમાં રેલ રિઝર્વેશન કરવાની સુવિધા ઉપલબ્ધ છે. રેલ રિઝર્વેશન કરવાની સુવિધા જબલપુર વિભાગની ૩ પોસ્ટ ઓફિસમાં ઉપલબ્ધ છે જેમાં રીવા જિલ્લાની હેડ પોસ્ટ ઓફિસ રીવા, સબ પોસ્ટ ઓફિસ સિરમૌર અને મૌગંજ પોસ્ટ ઓફિસમાં સ્થિત છે.

સીપીઆરઓએ કહ્યું, "ભોપાલ વિભાગની ૬ પોસ્ટ ઓફિસમાં આ સુવિધા આપવામાં આવી છે, જેમાં જીપીઓ ભોપાલ, ટીટી નગર ભોપાલ, અગર માલવા શાજાપુર, મૌલાના આઝાદ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ભોપાલ, રાયસેન અને રાજગઢ ખાતેની પોસ્ટ ઓફિસનો સમાવેશ થાય છે." ૨૦૨૧ થી માર્ચ સુધી. ૨૦૨૨, ૬૭ હજાર ૧૬૦ મુસાફરોના બુકિંગ દ્વારા, કુલ ૨ કરોડ ૬૭ લાખ ૧૨ હજાર ૬૪૦ રૂપિયાની આવક થઈ હતી.

નોંધનીય છે કે, સ્ટેશનથી દૂર રહેતા લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને લોકોને રેલ રિઝર્વેશન માટે ભટકવું ન પડે તે માટે પોસ્ટ ઓફિસમાં રેલ રિઝર્વેશન કરાવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ પોસ્ટ ઓફિસોમાં રેલવે રિઝર્વેશન બુક કરવાનું કામ પ્રશિક્ષિત પોસ્ટ ઓફિસ સ્ટાફ દ્વારા કરવામાં આવી રહ્યું છે. નેટવર્ક કનેક્ટિવિટી સાથેનું હાર્ડવેર રેલવે દ્વારા આપવામાં આવ્યું છે.

આ યોજનાથી માત્ર શહેરમાં જ નહીં, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં પણ લોકોને નજીકની પોસ્ટ ઓફિસમાંથી તેમની ટ્રેન માટે રિઝર્વેશન કરાવવાની સુવિધા મળશે. રેલવે દ્વારા નાગરિકોને હાલમાં પોસ્ટ ઓફિસોમાં રેલવે દ્વારા આપવામાં આવતી રેલવે રિઝર્વેશન બુકિંગની સુવિધાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## રાજ્યના શહેરોના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રીના હસ્તે રૂ.૧,૧૮૪ કરોડના ચેક એનાયત કરાશે

ગાંધીનગર,

રાજ્યના શહેરોના સર્વાંગી વિકાસ માટે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત આવતીકાલ તારીખ ૨૭ એપ્રિલના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ.૧૧૮૪ કરોડના ચેક વિતરણ કરાશે એમ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સીઈઓ શ્રી બી.સી. પટણી દ્વારા જણાવાયું છે. મહાત્મા મંદિર ગાંધીનગર એસ.આર.-૪ હોલ ખાતે બપોરે ૨:૩૦ કલાકે યોજાનારા આ સમારોહમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયા પણ ખાસ ઉપસ્થિત રહેશે.

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા પ્રતિ વર્ષ જેમ રાજ્યની નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ/સત્તામંડળોને વિવિધ વિકાસ કાર્યો માટે જે નાણાં ફાળવવામાં આવે છે તદનુસાર આ વર્ષે પણ રૂ. ૧,૧૮૪ કરોડના ચેકનું વિતરણ મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરાશે. આ પ્રસંગે મંત્રીમંડળના સભ્યો, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓના પદાધિકારીઓ સહિત અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મેલેરિયા, ડેન્ગ્યુ, ચીનકનગુનિયા જેવા રોગોના ફેલાતો અટકાવવા

# અગમચેતીનાં તમામ પગલાં ભરવા અને જનજાગૃતિ કેળવવા પર ભાર મૂકતા અધિક જિલ્લા કલેક્ટર એ.આઇ. સુથાર


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
અધિક જિલ્લા કલેક્ટર એ.આઇ.સુથારે જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓને વાહકજન્ય રોગો જેવાં કે, મેલેરિયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવા રોગોને ફેલાતો અટકાવવા માટે અગમચેતીનાં તમામ પગલાં ભરવાની સાથે તેનું સમયસર નિદાન અને સારવાર થાય તેમજ તેનાથી બચવા અંગેના ઉપાયો, તેની જાણકારી પ્રતિ જનજાગૃતિ કેળવવા પર ભાર મૂકી આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપી મહત્વનાં સૂચનો કર્યા હતા.

જિલ્લા કલેકટરાલય ખાતે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી અતર્ગત વાહક જન્ય રોગોના અસરકારક નિયંત્રણ માટે અધિક જિલ્લા કલેકટર સુથારના અદયક્ષસ્થાને જિલ્લા કો-ઓર્ડીનેશન કમીટી બેઠક મળી હતી.

બેઠકમાં અધિક જિલ્લા કલેકટર સુથારે પોરામાંથી મચ્છર કઇ રીતે બને છે એની પણ લોકોમાં સમજ કેળવાય તે માટે નાગરિકોને જરૂરી માર્ગદર્શન અને તેના ઉપાયો વિશે જાણકારી આપવા સુચવ્યું હતું જેથી મેલેરિયા સહિત વાહકજન્ય ફેલાતા રોગોને અટકાવી શકાય.

આરોગ્ય વિભાગના દ્વારા બેઠકમાં ઉપસ્થિત સંબંધિત અધિકારીઓને સરકારી કચેરીઓ સહિત ગ્રામ્ય અને શહેરી કક્ષાએ મેલેરિયા, ડેન્ગયુ, ચીકનગુનિયા જેવા રોગોને ફેલાતો અટકાવવા, તેનું નિદાન-સારવાર તથા સ્વ-બચાવ અંગેના વિવિધ ઉપાયો વિશે જાણકારી અને અગમચેતીના ભાગરૂપે યોગ્ય માર્ગદર્શન તથા જરૂરી સૂચનાઓ આપી તેનો અસરકારક અમલ કરવા જણાવ્યું હતું. જિલ્લાના નાગરિકોને મચ્છરજન્ય તથા અન્ય રોગોથી બચવા ઘરની આજુબાજુમાં તથા જાહેર સ્થળોએ જરૂરી સ્વચ્છતા જાળવી રાખવા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા જે માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવે તેનું પાલન કરવાની અપીલ કરી જિલ્લાને મેલેરિયા અને અન્ય રોગોથી મુકત રાખી સ્વચ્છ-સ્વસ્થ અને તંદુરસ્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવા જણાવ્યું છે.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કે. કે. પરમાર, જિલ્લા મેલેરિયા અધિકારી ડો. અલ્પેશ ચૌધરી સહિત પોલીસ વિભાગના અધિકારી તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ, તબીબો તથા સંબંધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# મહીસાગર જિલ્લામાં કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી અભિયાન અંતર્ગત કિસાન ક્રેડીટ કાર્ડ આપવા માટે ડ્રાઇવ યોજાશે

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને ભારત સરકાર દ્વારા કિસાન ક્રેડિટ કાર્ડ અપાશે. કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી અભિયાન અંતર્ગત કિસાન ક્રેડિટ કાર્ડ આપવા માટે તા.૨૪-૪-૨૦૨૨ થી શરૂ થયેલ ડ્રાઈવ તા.૧-૫-૨૦૨૨ સુધી ચલાવવામાં આવશે.
આ અંગે મહીસાગર ખાતે કલેકટર ડો.મનીષકુમારના અધ્યક્ષ સ્થાને બેંક અને વિવિધ કચેરીઓના અધિકારીઓની બેઠક યોજાશે. જેમા બેંક ઓફ બરોડા- લીડ બેંકના મેનેજર મિનેષ પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

મહીસાગર જિલ્લામા કિસાન ક્રેડિટ કાર્ડ વિશે ખેડૂતોમાં જાગૃતિ લાવવા અને અભિયાન સમયગાળા દરમિયાન કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ ખેડૂતોના મહત્તમ કવરેજની ખાતરી કરવી. મહીસાગર જિલ્લામાં, પી.એમ કિસાન હેઠળ અત્યાર સુધીમાં ૧.૮૭ લાખથી વધુ ખેડૂતોએ લાભ લીધો છે, જેમાંથી માત્ર ૩૯૩૧૯ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જેના કારણે કિસાન ક્રેડિટ કાર્ડ કવરેજમાં મોટો તફાવત છે. જિલ્લામાંએવા ખેડૂતોને આવરી લેવામાં આવશે. પી.એમ. કિસાન યોજનાના જે લાભાર્થીઓએ લોન માટે કિસાન ક્રેડિટ યોજનાનો લાભ લીધો ના હોય તેવા તમામ ખેડુતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.

કિસાન ક્રેડિટ કાર્ડની આ લોનનો લાભ ખાતા દીઠ મળશે. આ યોજનાનો લાભ મત્સ્ય ઉદ્યોગ અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા લોકોને પણ મળવા પાત્ર છે. પાક ધિરાણમાં ૩લાખ સુધીની લોન માટે વ્યાજ દર ૭ % રહેશે, જો આ લોનની ભરપાઈ ૩૬૫ દિવસની અંદર કરવામાં આવે તો ૩ % વ્યાજ કેન્દ્ર સરકાર (નાબાર્ડ) અને ૪ % વ્યાજ રાજય સરકાર દ્વારા ભરપાઈ કરવામા આવશે. મત્સ્ય ઉદ્યોગ અને પશુપાલનના વ્યવસાયમાં રૂ. ૨ લાખ સુધીનું ધિરાણ માટે વ્યાજ ૭ % રહેશે (કુલ પાક ધિરાણ ૩ લાખ સુધી). જો આ લોનની ભરપાઈ ૩૬૫ દિવસની અંદર કરવામાં આવે તો ૩ % વ્યાજ કેન્દ્ર સરકાર (નાબાર્ડ) દ્વારા ભરપાઈ કરવામા આવશે. ૩૬૫ દિવસની અંદર લોન ભરપાઈ કરવામાં નહીં આવે તો બેન્કના નિયમ મુજબ વ્યાજ દર રહેશે.

કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ લેવા માટે ૭/૧૨ની નકલ અને પાકની વિગત બેન્ક દ્વારા સરળતા થી અને સત્વરે આપવામા આવશે. પી.એમ. કિસાન યોજનાના જે લાભાર્થીઓ કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ લઈ રહ્યા છે તેઓ વધારાની લોન લેવા માટે તેમની બેન્કની શાખાનો સંપર્ક કરી શકે છે. પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓની સાંખ્યા વધારે છે પરંતુ જાણકારીના આભાવે કિસાન ક્રેડિટ કાર્ડ લોનના લાભાર્થીઓની સાંખ્યા ઓછી છે જેથી બાકી રહેલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ લેવા માટેના બાર્ડ જિલ્લા વિકાસ પ્રબંધક રાજેશ ભોસલે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યુંછે કે, પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને આયોજનાનું ફોર્મ ભરવા માટે નજીકના સી.એસ.સી. સેન્ટર / બેન્કસખી/ બેન્ક શાખાનો સંપર્ક કરવાનો રહેશે. સામાજિક સુરક્ષા PMSBY/PMJJBY/ APY/PMJDY અંતર્ગત તમામ યોગ્ય લાભાર્થીઓનેઆવરીલેવાશે.

## ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્યમાં પ્રદર્શન યોજવા મહત્તમ રૂ.૨૫,૦૦૦ની સહાય અપાશે

લુણાવાડા,
રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી સંદર્ભે ગુજરાત રાજ્યનાં પેઇન્ટિંગ, ગ્રાફિક્સ, છબીકલા, તથા શિલ્પકલાનાં કલાકારોને તેમની કલાકૃતિઓનાં વ્યકિતગત/ સામુહિક કલા પ્રદર્શન ગુજરાતમાં યોજવા માટે મહત્તમ રૂ. ૨૫૦૦૦/- આર્થિક સહાય આપવામાં આવે છે.

કલાકારો કે જેમણે આર્ટ ટિચર્સ ડિપ્લોમા, ડિપ્લોમા ઇન ફાઈન આર્ટ્સની શૈક્ષણિક લાયકાત મેળવી હશે અથવા જે કલાકારે તેમની કલાકૃતિઓનું ઓછામાં ઓછુ એક વૈયકિતક/ સામુહિક પ્રદર્શનનું આયોજન કર્યુ હશે તેવા કલાકારો આ યોજના માટે અરજી કરી શકશે. અરજીફોર્મ સાથે કલાકારે તેમનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અને આધારકાર્ડ/ચુંટણીકાર્ડની નકલ ફરજીયાત રજુ કરવાની રહેશે.

નિયમો તથા નિયત અરજીપત્રક સચિવ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, ભાઈકાકા ભવન સામે, લો ગાર્ડન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ના સરનામેથી રૂબરૂ(રજાના દિવસો સિવાય) અથવા www. gujarat state lalitkalaacademy. com પરથી મેળવી શકાશે. જેમાં વિગતો ભરીને તારીખ ૧૭ મે-૨૦૨૨ સુધીમાં ઉપરના સરનામે પરત મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વધુ વિગતો માટે લલિત કલા અકાદમીનો રૂબરૂ અથવા ફોન નં. ૦૭૯-૨૬૪૨૫૫૬૨ ઉપર સંપર્ક કરી શકાશે તેમ લલિત કલા અકાદમી સચિવની યાદીમાં જણાવાયું છે.

## લુણાવાડા તાલુકાના પાદેડી રામપુર ગામે રોડની અધુરી કામગીરી છોડવામાં આવતાં વાહન ચાલકો પરેશાન


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
લુણાવાડા તાલુકાના સેણાદરીયા ગોરાડા થી ગઢા રાજગઢ જતા રોડનુ તંત્ર દ્વારા નવીકરણ કરવામાં આવ્યુ હતું. આમ, આ રોડનુ નવીકરણ કર્યા ચાર કે પાંચ મહીના વીતી ગયા હોવા છતાંય પણ પાદેડી ગામે ચોખાની મીલ પાસે રોડ બનાવવા માટે અધુરી મુકવામાં આવેલ કામગીરી પુર્ણ ન થતા વાહન ચાલકોમા રોષનો માહોલ જોવા મલી રહ્યો છે. આમ આ જગ્યા પર કોન્ટ્રાક્ટરો દ્વારા કપચી પણ નાખવામાં આવી છતાં પણ હજુ સુધી રોડની કામગીરી હાથ ધરવામાં આવી નથી.આમ આ કાળી કપચી લઈને અને કાળઝાળ ઉનાળાના કારણે અવાર-નવાર વાહન પંચર થવાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. જ્યારે બીજુ બાજુ બાઈક ચાલકોને અનેક મુશ્કેલીઓનો સામનો વેઠવાનો સમય આવ્યો છે. જયારે બીજુ બાજુ નવીન બનાવેલ રોડ પણ હાલ જુનો થવાના અને તુટવાના એંધાણ જોવા મલી રહ્યા છે છતાં પણ કોન્ટ્રાક્ટરો દ્વારા મુકવામાં આવેલી અધુરી કામગીરી પુર્ણ કરવાનો સમય ન હોય તેવુ જોવા મલી રહ્યુ છે. આમ કોન્ટ્રાક્ટરો દ્વારા રોડ પર પાથરવામાં આવેલ કાળી કપચીના કારણે વાહન ચાલકો પરેશાન થયા છે. આમ, તંત્ર દ્વારા આ અધુરી મુકવામાં આવેલ કામગીરી ક્યારે પુર્ણ કરવામાં આવશે તેવી લોકમુખે ચર્ચાઓ જોવા મલી રહી છે. આમ તંત્ર દ્વારા આ અધુરી મુકવામાં આવેલ કામગીરી યુદ્ધના ધોરણે પુર્ણ કરવામાં આવે તેવી વાહનચાલકોમાં માંગ જોવા મલી રહી છે.

## જો સમયસર વ્યવસ્થા નહીં કરવામાં આવે તો સૌરાષ્ટ્રમાં પાણીની ગંભીર સ્થિતિ ઉભી થઇ શકે છે

રાજકોટ,
સૌરાષ્ટ્રની સૌથી મોટી અને કાયમી ગણી શકાય એવી એક સમસ્યા એટલે પાણીનો પ્રશ્ન. અનેક નેતાઓએ તેના કાર્યકાળ દરમિયાન આ સમસ્યાને ઉકેલવા પ્રયત્નો કર્યા પરંતુ તે દરેક પ્રયાસોમાં કઈક અને કઈક તો ખૂટ્યું જ છે. પાણીના આ પ્રશ્નના કારણે અંતે ભોગવવાનું તો બિચારા સામાન્ય માણસને જ પડે છે. પાણી માટે ઢોર વલખાં મારતા જોવા મળે છે અને ખેડૂતો માટે ખતી કેમ કરવી એ મોટો પ્રશ્ન બની જાય છે. જો કે આ વર્ષે તો આ જળસંકટ અત્યારે જ આવી ગયું છે. હજી ચોમાસાને વાર છે ત્યાં જ સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણી ખૂટી રહ્યું છે.

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે જળાશયો ડેમ સહિતના જળસ્ત્રોતોમાં પાણીનો જથ્થો ઓછો થઈ રહ્યો છે. સૌની યોજનાથી ભરાતા જળસ્ત્રોતો બાદ કરીએ તો અન્ય જળસ્ત્રોતોમાં જળસંગ્રહમાં પાણીનો જથ્થો ઘટી રહ્યો છે. સિંચાઈ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લાના આજી-૧ ડેમમાં ૭૬.૧૦ ટકા પાણી છે, જે આગામી તા.૩૧મી જુલાઇ સુધી ચાલશે. ન્યારી-૧ ડેમમાં ૫૯.૭૦ ટકા પાણી છે જે ૩૧મી મે સુધી ચાલશે, ભાદર-૧માં ૫૦.૭૭ ટકા પાણીનો જથ્થો છે જે ૩૧મી જુલાઇ સુધી ચાલશે, વેરી જળાશયમાં ૪.૧૪ ટકા પાણી રહયું છે. તો આજી-૩માં ૪૫.૪૮ ટકા પાણીનો જથ્થો વધ્યો છે, જે ૩૧મી જુલાઇ સુધી ચાલશે. ધોળીધજા ડેમમાં ૫૧ ટકા પાણી છે જે ૩૧મી જુલાઇ સુધી ચાલશે. મચ્છુ-૧માં ૨૮.૨૧ ટકા, મચ્છુ-૨માં ૬૮.૩ ટકા, બ્રાહ્મણી-૧માં ૧૦.૯૦ ટકા, ભાદર-૨માં ૫૮.૬૦ ટકા, મોજમાં ૪૦.૭૨ ટકા, ફોફળ-૧માં ૪૯.૯૩ ટકા, વેણુ-૨માં ૪૨.૪૭ ટકા, ત્રિવેણી ઠાંગામાં ૩૦.૧૭ ટકા અને બ્રાહ્મણી-૨માં ૨૦.૧૯ ટકા પીવાના પાણીનો જથ્થો બચ્યો છે.

સરેરાશ જોઇએ તો રાજકોટ જિલ્લામાં પીવાના પાણીના જળસ્ત્રોતોમાં ૫૧.૪૧ ટકા, મોરબીના જળાશયોમાં ૩૮.૧૩ ટકા અને સુરેન્દ્રનગર જિલ્લાના જળસ્ત્રોતોમાં ૪૦.૬૮ ટકા પાણીનો જથ્થો બચ્યો છે. ઈંધણમાં ભાવવધારાને કારણે ટેક્રના કોન્ટ્રાક્ટરોએ પણ ભાડામાં ૪૦ ટકાનો વધારો કર્યો છે. આ તમામ બાબતોનો માર તો જનતાને જ ખમવો પડે છે. જો કે આ વખતે ખરી કસોટી સરકારની છે. કારણકે જ્યારે એક તરફ સૌરાષ્ટ્રમાં પાણી ખૂટી રહ્યું છે, મોંઘવારીના કારણે લોકોની ધીરજ ખૂટી રહી છે અને ત્યારે ચૂંટણી આવી રહી છે. આવી નાજુક સ્થિતિ વચ્ચે સામાન્ય માણસને પાણી કેવી રીતે મળે છે એ જ મહત્વનું છે.

## મહીસાગર જિલ્લામા જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રહેશે

લુણાવાડા,
આગામી તા.૩૦/૦૪/૨૦૨૨ના રોજ જવાહર નવોદય પ્રવેશ પરીક્ષાને અનુલક્ષીને કેટલાક પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા છે.


જે અંતર્ગત મહીસાગર જિલ્લાના નિયત કરાયેલા પરીક્ષા કેન્દ્રોની ચોતરફ, ૨૦૦ મીટરના ત્રિજયા વિસ્તારમા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે, તેમજ પરીક્ષાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તે માટે કેટલાક પ્રતિબંધો ફરમાવાયા છે.

સબબ, આ વિસ્તારના તમામ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા, તથા મોબાઇલ ફોન, સેલ્યુલર ફોન, તથા અન્ય ઈલેક્ટ્રીક ઉપકરણો પરીક્ષાના સ્થળે લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામા આવ્યો છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.આઇ.સુથાર દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૨ના રોજસવારે ૮-૦૦ કલાક થી સાંજે ૧૬-૦૦ કલાક દરમિયાન, બિન જરૂરી ટોળા થવા પર અને સભાઓ ભરવા કે બોલાવવા, તથા સરઘસ કાઢવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવાયો છે. સાથે, જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો પોકારવા, જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવા, મોબાઈલ ફોન સાથે રાખવા, કે તેના ઉપયોગ કરવા ઉપરાંત ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા જણાવાયુ છે.

## હેલ્થ ટીપ્સ

## જો તમે વજન ઓછું કરવા માંગો છો, તો નાસ્તામાં ૪ વસ્તુઓનો સમાવેશ કરો



ડાયેટિંગ એ આજકાલ વજન ઘટાડવાની સૌથી લોકપ્રિય રીત છે. ખોરાકને નિયંત્રિત કરીને અને સ્વસ્થ આહાર દ્વારા વજન સરળતાથી ઘટાડી શકાય છે. જો કે સ્થૂળતા ઘટાડવા અને સ્વસ્થ રહેવા માટે તમારે સંતુલિત આહાર લેવો જોઈએ. તમારે આહારમાં ઓછી કેલરી અને પોષક તત્વોથી ભરપૂર ખોરાકનો સમાવેશ કરવો જોઈએ. કેટલાક લોકો ડાયેટિંગ દરમિયાન નાસ્તાના વિકલ્પોને સમજી શકતા નથી. આવી સ્થિતિમાં અમે તમને ૫ હેલ્ધી બ્રેકફાસ્ટ ઓપ્શન જણાવી રહ્યા છીએ. તેને ખાવાથી તમને સ્વાદ પણ મળશે અને વજન પણ વધશે નહીં.

ઉપમા- જો તમે ડાયટ પર છો તો સોજીમાંથી બનેલી ઉપમા ખાઈ શકો છો. આ એક હેલ્ધી બ્રેકફાસ્ટ વિકલ્પ છે. ઉપમામાં તમે તમારી પસંદગીના વધુ ને વધુ શાકભાજી ઉમેરી શકો છો. તેનાથી શરીરને ભરપૂર માત્રામાં ફાઈબર મળશે. ઉપમા પચવામાં પણ સરળ છે અને તેને ખાધા પછી લાંબા સમય સુધી ભૂખ નથી લાગતી.

પોહા- નાસ્તા માટે પોહા એક સારો વિકલ્પ છે. પોહા ખાવાનું બધાને ગમે છે. પોહા ખૂબ જ હળવા હોય છે જે પચવામાં પણ સરળ હોય છે. તમે પોહાને હેલ્ધી બનાવવા માટે તેમાં શાકભાજીની માત્રા વધારી શકો છો. પોહાની થાળી અને તેની સાથે છાશ પીવાથી તમે લાંબા સમય સુધી ઉર્જાવાન રહેશો. તેનાથી વજન પણ વધશે નહીં.

ઓટ્સ- જો તમારી પાસે કોઈ વસ્તુ બનાવવાનો સમય નથી તો તમે ઈન્સ્ટન્ટ ઓટ્સ બનાવીને ખાઈ શકો છો. આ એક એવો નાસ્તો છે જે ફાઈબરથી ભરપૂર અને સુપર હેલ્ધી છે. ઓટ્સ ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. ઓટ્સ ખાવાથી લાંબા સમય સુધી ભૂખ નથી લાગતી. પેટ, હૃદય અને ડાયાબિટીસના દર્દીઓ માટે પણ ઓટ્સ ખૂબ જ ફાયદાકારક છે.

કોર્નફ્લેક્સ- જો તમે ઓછા સમયમાં હેલ્ધી નાસ્તો કરવા ઈચ્છો છો તો ઈન્સ્ટન્ટ મિલ્ક કોર્નફ્લેક્સ ખાઈ શકો છો. કોર્નફ્લેક્સનો ક્ન્ચી સ્વાદ બાળકોથી લઈને વડીલો સુધી દરેકને ખૂબ જ પસંદ આવે છે. કોર્નફ્લેક્સમાં થાઈમીન હોય છે, જે મેટાબોલિક રેટ અને એનર્જી વધારે છે. ફાઈબરથી ભરપૂર હોવાથી તે વજન પણ ઘટાડે છે.

## સુપ્રીમ કોર્ટનો આદેશ : રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશો નિ:સહાય બાળકો માટે એસઓપી લાગૂ કરે



નવીદિલ્હી,
વડી અદાલતે કહ્યું છે કે, સરકાર રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા તૈયાર કરવામાં આવેલી એસઓપીને લાગૂ કરે. ન્યાયમૂર્તિ એલ નાગેશ્વર રાવ અને ન્યાયમૂર્તિ બી આર ગવઈની પીઠે આ નિર્દેશ આપ્યા છે. પીઠે કહ્યું કે, રાજ્ય સરકારો દ્વારા આ દિશામાં અત્યાર સુધી ઉઠાવેલા પગલા સંતોષજનક નથી. પીઠે કહ્યું કે, બાળકોને બચાવાનું કામ હંગામી ન હોવું જોઈએ. સાથે જ કોર્ટે કહ્યું કે, એ નક્કી કરવું જોઈએ કે, બાળકોનો પુનર્વાસ કરવામા આવે. તેની સાથે જ પીઠે સુનાવણી કરતા એવું કહ્યું છે કે, આજથી બે અઠવાડીયાના સમયની અંદર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા તેના પર એક સ્થિતિ રિપોર્ટ દાખલ કરવામાં આવે. પીઠે આ મામલે આગામી સુનાવણી મેના બીજા અઠવાડીયામાં કરવાનો નિર્દેશ આપ્યો છે.

સુનાવણી દરમિયાન વડી અદાલતે જણાવ્યું હતું કે, તમિલનાડૂ અને દિલ્હી સરકારે નિસહાય બાળકોને બચાવવા અને તેમના પુનર્વાસ માટે પહેલાથી જ યોજના તૈયાર કરી લીધી છે. તેના પર ન્યાયાલયે તમિલનાડૂ અને દિલ્હી રાજ્યોને એનસીપીસીઆરે તેમની એક કોપી રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. તેની સાથે જ વડી અદાલતે તમિલનાડૂ અને દિલ્હી જેવા રાજ્યોને આ યોજનાને લાગૂ કરવાના નિર્દેશ આપતા કહ્યું કે, સરકાર નિઃસહાય બાળકોની ઓળખાણ કરીને તેમના પુનર્વાસ માટે તાત્કાલિક પગલા ભરે. આ અગાઉ વડી અદાલતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિઃસહાય બાળકો માટે પુનર્વાસ નીતિ તૈયાર કરવાની ભલામણ લાગૂ કરવાના નિર્દેશ આપ્યા હતા. આ દરમિયાન વડી અદાલતે કહ્યું હતું કે, આ ફક્ત કાગળ પર રહેવુ જોઈએ નહીં. ત્યારે કોર્ટે કહ્યુ હતું કે, અત્યાર સુધી ફક્ત ૧૭,૯૧૪ સ્ટ્રીટ ચિલ્ડ્રન વિશે જાણકારી આપવાનું કહેવાયુ હતું. જ્યારે તેમની અનુમાનિત સંખ્યા ૧૫-૨૦ લાખ છે. વડી અદાલતે કહ્યું હતું કે, સંબંધિત અધિકારીઓ રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના વેબ પોર્ટલ પર જરૂરી સામગ્રીની અપડેટ કરવાની રહેશે.

## હિંમતનગરમાં પથ્થરમારો થયો હતો એ વિસ્તારમાં પાંચ બાંધકામો પર બુલડોરનો પ્રહાર



હિંમતનગર,
દિલ્હીના જહાંગીરપુરીમાં થયેલા ડિમોલીશન બાદ દેશમાં બુલડોઝરનો મુદ્દો ગરમાયો છે. એક તરફ ઉચ્ચતમ ન્યાયાલયે દિલ્હીમાં દબાણ હટાવાની કામગીરી પર વિરામ મૂક્યો છે ત્યારે બીજી તરફ આજે ગુજરાતમાં ફરી બુલડોઝર ફરી વળ્યું છે. રાજયમાં રામનવમીના દિવસે નીકળેલી શોભાયાત્રા દરમિયાન હિંમતનગર સહિતના સ્થળો પર અથડામણ અને પથ્થરમારાની ઘટના થઈ હતી. આ ઘટનામાં ખંભાતમાં પાલિકાએ દબાણો દૂર કર્યા હતા. જોકે, આજે હિંમતનગરમાં પણ પાલિકાનું બુલડોઝર ફરી વળ્યું છે.

હિંમતનગરમાં આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પાલિકાએ છાપરિયા વિસ્તારમાં ટીપી રોડ પર દબાણ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. આ દબાણમાં કુલ ૫ દબાણો પર બુલડોર ફેરવાશે. આ પૈકીનું એક પાકું મકાન છે. જોકે, સ્થળ પરના અધિકારીઓએ જણાવ્યું કે પાકા મકાનના માલિકે જાતે જ દબાણ તોડવાની કામગીરી શરૂ કરી હતી.

હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું કે કોઈ પણ અપ્રિય ઘટના ન ઘટે તે માટે સમગ્ર વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવાઈ ગયો છે. પાકા તેમજ હંગામી દબાણો દૂર કરાઈ રહ્યા છે. અહીંયા ટીપી રોડ પર દબાણ હટાવી અને રોડ ખુલ્લો કરવામાં આવશે.

ડિમોલીશન દરમિયાન લારી ગલ્લા, સહિતના કાચા અને હંગામી દબાણો બુલડોઝર દ્વાર તોડી પાડવામાં આવ્યા હતા. જિલ્લા પોલીસ વડા, ડીવાયએસપી, ચાર પોલીસ ઈન્સપેક્ટર અને પીએસઆઈના અને પોલીસ જવાનોના કાફલાઓ ખડકી અને આ દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં રામનવમીની શોભાયાત્રા પર હિંમતનગર અને ખંભાતમાં પથ્થરમારા સહિતની ઘટનાઓ સામે આવી હતી. રાજ્યમાં શાંતિ ડહોળવાના પ્રયાસો પર કાબૂ લેવા સરકારે આકરા હાથે કામલીધું હતું. જોકે, હિંમતનગર પાલિકાએ સત્તાવાર રીતે આ ઘટનાને રામનવમીની શોભાયાત્રાની ઘટના સાથે જોડી નથી પરંતુ હકિકતમાં આ દબાણ દૂર કરવાનું મુખ્ય કારણ એ જ ઘટના છે.

## આપની આજ.......

મેષ : તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. કેટલાક અટકેલા કામ સાંજના સમયે થવાની સંભાવના છે. રાત્રિનો સમય પ્રિયજનોને મળવામાં અને આનંદમાં પસાર કરવામાં આવશે.

વૃષભ : આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે. સાંજના સમયે કોઈ ઝઘડામાં ના પડો. રાત્રે પ્રિય મહેમાનોનું સ્વાગત કરવાની સંભાવના રહેશે.

મિથુન : આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે. વિરોધીઓ સક્રિય રહેશે તેથી સાવધાન રહો.

કર્ક : આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે. અધિકારી વર્ગથી તમને નોકરીમાં સહયોગ મળશે. નવી ડીલ દ્વારા પ્રતિષ્ઠા વધી શકે છે.

સિંહ : આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે. ધાર્મિક સ્થળોની યાત્રા અને શુભ કાર્યોમાં ખર્ચા થઈ શકે છે.

કન્યા : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે. સાંજથી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળશે. કોઈની સાથે યાદગાર મુલાકાત થવાની સંભાવના પણ છે.

તુલા : આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતા પ્રમાણમાં પૈસા હોવાનો આનંદ મળશે. વિરોધીઓ પરાજિત થશે.

વૃશ્ચિક : આજે સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે. મોટા નિર્ણયો કાળજીપૂર્વક લો. તમારે જોખમી કાર્ય ટાળવું પડશે.

ધન : આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા- વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાંક લોકો આજે વધુ વ્યસ્ત હોઈ શકે છે.

મકર : આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. સાંજથી રાત સુધી તમને પ્રિયજનોના દર્શન તેમજ શુભ સમાચાર મળશે. પિતા અને પિતા સમાન લોકોનો સહયોગ અને લાભ મેળવી શકો છો.

કુંભ : આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

મીન : આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે. રાત્રે શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ગરબાડાની બંધ પડેલ ભુગર્ભ ગટર યોજનાની મુલાકાત લેતા જિલ્લા વિકાસ અધિકારી

ગરબાડા,

ગરબાડામાં તારીખ ૨૬ ના રોજ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી દ્વારા ગરબાડા ગામની કરોડોના ખર્ચ બાદ પણ અધુરી એવી ભૂગર્ભ ગટર યોજના ની મુલાકાત લેવામાં આવી હતી અને હાલમાં ભુગર્ભ ગટર કયા કારણોસર બંધ છે. તે વિશે ચર્ચા કરીને કોઈપણ હિસાબે ભૂગર્ભ ગટર ચાલુ કરવા માટેના સૂચન કરવામાં આવ્યા હતા. વધુમાં તેઓએ કરોડો રૂપિયાનો ધુમાડો યોજના પાછળ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું તો પછી યોજના આજે કેમ અધુરી છે, તેમ પૂછતા લાઈટ બિલ અને જેટિંગ મશીન દ્વારા સફાઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. ઉલેખનીય છે કે, ૨૦૧૨ થી અત્યાર સુધીમાં બંધ પડેલી આ અધુરી યોજના પાછળ લાઈટ બિલ નામે લાખો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

રૂપિયા ખર્ચી દેવામાં આવ્યા છે, તેમ છતાં કોઈપણ જાતનું પરિણામ નહીં મળેલ હોવાનું જોવા મળી રહ્યું છે. જ્યારે અગાઉ થોડા સમય પહેલા પણ જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે ગરબાડાની ભૂગર્ભ ગટર યોજનાની મુલાકાત લીધી હતી. ત્યારબાદ ગામના કામળીયાવાડ બસ સ્ટેશન વિસ્તારની સ્થળ પર જઈ અને ગટરના ગંદા પાણી જે રોડ વર્ષોથી થી લીકેજ થાય તેનું નિરીક્ષણ કર્યું હતું અને સરપંચ અને તલાટીને હાઉસ કનેક્શન આપવા સૂચન કર્યું હતું અને લાઈનમાં જે પણ ખામી હોય તે જિલ્લા પંચાયત દ્વારા જેટિંગ મશીન ફાળવીને સાફ-સફાઈ કરીને પુનઃ આ યોજના ચાલુ કરવા સૂચન કર્યું હતું પરંતુ આજદિન સુધી આવું કશું કરવામાં આવ્યું નથી.

ગરબાડા નગરમાં ૨૦૧૨માં કરોડોના ખર્ચે ચાલુ કરવામાં આવેલ ભૂગર્ભ ગટર યોજના આજે ૨૦૨૨માં પણ શોભાના ગાંઠિયા સમાન અધૂરી જોવા મળી રહી છે. ગામની ભુગર્ભ ગટર યોજનાનું કામ કપ્લીશન સર્ટી પ્રમાણે તા ૨૩.૧૨.૨૦૧૪ ના રોજ પૂર્ણ બતાવી દેવામાં આવ્યું હતું. તેમજ વર્ષો બાદ ગ્રામ પંચાયત દ્વારા તા .૧૦.૧૧.૨૦૨૦ ના રોજ યોજનાનો હવાલો સંભાળી લીધેલ છે. આમ યોજના અધુરી હોવા છતાં ગરબાડા ગ્રામ પંચાયતે તેનો હવાલો સ્વીકારી લેતાં અનેક ચર્ચાઓએ જન્મ લીધો છે. જે જોતા સરકાર ના કરોડો રૂપિયાનો બગાડ થયો હોય તેમ લાગી રહ્યું છે.

# દાહોદ જીલ્લામાં ચાર પ્રોહિબીશનના ગુનામાં ૨.૧૭ લાખના ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં પ્રોહીના બનેલા ચાર બનાવોમાં પોલીસે કુલ રૂા. ૨,૧૭,૧૪૪ના વિદેશી દારૂના જથ્થા સાથે મોટરસાઈકલ તેમજ ફોર વ્હીલર ગાડી સાથે કેટલાંક બુટલેગરોને ઝડપી પાડ્યાં જ્યારે કેટલાંક બુટલેગરો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના ચોપાટ પાલ્લી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૫મી એપ્રિલના રોજ લીમખેડા પોલીસ ચોપાટ પાલ્લી ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી. તે સમયે ત્યાંથી એક અલ્ટો ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. જ્યારે પોલીસને જોઈ અલ્ટો ફોર વ્હીલર ગાડીમાં સવાર ચાલક ભુપતભાઈ હરસીંગભાઈ ભાભોર (રહે. દુધીયા, હાંડી ફળિયા, તા.લીમખેડા, જિ.દાહોદ) નો પોલીસને ચકમો આપી નાસી ગયો હતો. પોલીસે અલ્ટો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૪૫૬ કિંમત રૂા. ૫૬,૨૦૬ ના પ્રોહી જથ્થા સાથે અલ્ટો ફોર વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા. ૨,૦૬,૨૦૮ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ચાલક વિરૂધ્ધ લીમખેડા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના જામરણ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૫મી એપ્રિલના રોજ છોટાઉદેપુર જિલ્લાના મીઠીબોર ગામે રહેતો પીન્ટુભાઈ કાન્તીભાઈ રાઠવા પોતાના કબજાની મોટરસાઈકલ પર વિદેશી દારૂનો જથ્થો ભરી હેરાફેરી કરતો હતો. તે સમયે રસ્તામાં જામરણ ગામે પોલીસની નાકાબંધી જોઈ પોતાના કબજાની મોટરસાઈકલ અને વિદેશી દારૂનો જથ્થો મુકી પીન્ટુભાઈ નાસી જતાં પોલીસે મોટરસાઈકલ કબજે લઈ તેની પાસે કંતાનના થેલામાં ભરી રાખેલ વિદેશી દારૂનો બોટલો નંગ. ૧૫૬ કિંમત રૂા. ૮૧,૯૦૦ના પ્રોહી જથ્થા સાથે મોટરસાઈકલની કિંમત મળી કુલ રૂા. ૧,૧૧,૯૦૦/-નો મુદ્દામાલ સાગટાળા પોલીસે કબજે લઈ ઉપરોક્ત ઈસમ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ લીમખેડા તાલુકાના અંધારી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૫મી એપ્રિલના રોજ અંધારી ગામેથી જગદીશભાઈ સોમાભાઈ પરમાર (રહે. લીમખેડા, પટેલ ફળિયા, તા.લીમખેડા, જિ.દાહોદ) નો પોતાના કબજાની ઈન્ડીગો ફોર વ્હીલર ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈ પસાર થઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં પોલીસે તેને ફોર વ્હીલર ગાડી સાથે રોકી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૩૩૬ કિંમત રૂા. ૪૩,૬૮૦/-ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા. ૧,૯૩,૬૮૦/-નો મુદ્દામાલ કબજે કરી જગદીશભાઈની અટકાયત કરી હતી અને તેની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો વિનેશ ઉર્ફે વિનુભાઈ મગનભાઈ માવી (રહે. કૌટુંબી, તા.ધાનપુર, જિ.દાહોદ), સદ્દામ ઉર્ફે લાલો બચુભાઈ મકરાણી (રહે. અંધારી, તા.લીમખેડા, જિ.દાહોદ), સંજય બુધાભાઈ ચૌહાણ (રહે. પાલ્લી, તા. લીમખેડા,જિ.દાહોદ) અને હિરાભાઈ પ્રતાપભાઈ ચૌહાણ (રહે. પાલ્લી, તા.લીમખેડા, જિ.દાહોદ) ની મદદગારીથી હેરાફેરી કરતો હોવાનું પોલીસને જણાવતાં લીમખેડા પોલીસે ઉપરોક્ત પાંચેય ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો ચોથો બનાવદાહોદ તાલુકાના ચોસાલા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૫મી એપ્રિલના રોજ એક મોટરસાઈકલનો ચાલક પોતાના કબજાની મોટરસાઈકલ પર વિદેશી દારૂનો જથ્થો લઈ પસાર થઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં પોલીસની નાકાબંધી જોઈ પોતાના કબજાની મોટરસાઈકલ અને વિદેશી દારૂનો જથ્થો સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ. ૩૩૨ કિંમત રૂા. ૩૫,૩૫૬/-ના પ્રોહી જથ્થા સાથે મોટરસાઈકલની કિંમત મળી કુલ રૂા. ૮૦,૩૫/-૬નો મુદ્દામાલ દાહોદ તાલુકા પોલીસે કબજે કરી ફરાર મોટરસાઈકલના ચાલક વિરૂધ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં ત્રણ અલગ અલગ અકસ્માતની ઘટનામાં ચાર વ્યક્તિના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં ત્રણ જુદી જુદી જગ્યાએ માર્ગ અકસ્માતના બનેલા ત્રણ બનાવોમાં ચાર જણાના મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ત્રણ માર્ગ અકસ્માતોના બનાવોને પગલે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ફતેપુરા તાલુકાના મોટીશેરો ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૦મી એપ્રિલના રોજ એક બોલેરો ગાડીના ચાલકે પોતાના કબજાની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે વાસ્તુ પુજનમાંથી મોટરસાઈકલ પર ઘરે જઈ રહેલા લાલાભાઈ લશુભાઈ ડામોર અને અશ્વિનભાઈ માનસીંગભાઈ ડામોર (બંન્ને રહે. જલાઈ, ડામોર ફળિયુ, તા. ફતેપુરા, જિ.દાહોદ) નાઓની મોટરસાઈકલને અફેટમાં લેતાં બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાંત હતા. જેને પગલે બંન્નેને શરીરે તેમજ હાથે પગે અને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં લાલાભાઈને વડોદરાની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં અને અશ્વિનભાઈને અમદાવાદની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવતાં બંન્નેનું સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે જલાઈ ગામે ડામોર ફળિયામાં રહેતાં લશુભાઈ તગુભાઈ ડામોરે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકામાંથી પસાર થતો અમદાવાદ - ઈન્દૌર નેશનલ હાઈવે ખાતે રાબડાળ ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૫મી એપ્રિલના રોજ એક પીકઅપ ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી એક મોટરસાઈકલ પર પસાર થઈ રહેલ દિનેશભાઈ સમુડાભાઈ કિશોર, કેયુરભાઈ સમુડાભાઈ કિશોરી અને ઉષાબેન દિનેશભાઈ કિશોરી (ત્રણેય રહે. ઉસરવાણ, ટીંડોરી ફળિયુ, તા.જિ.દાહોદ) ની મોટરસાઈકલને અડફેટમાં લેતાં ત્રણેય જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં દિનેશભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું જ્યારે કેયુરભાઈ અને ઉષાબેનને પણ શરીરે ઈજાઓ પહોંચતાં તેઓ હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે. આ સંબંધે ઉસરવાણ ગામે ટીંડોરી ફળિયામાં રહેતાં રાજુભાઈ સમુડાભાઈ કિશોરીએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ ઝાલોદ તાલુકાના જાફરપુરા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૫મી એપ્રિલના રોજ એક આઈસર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ શુક્રમભાઈ કમજીભાઈ ડામોર (રહે. પેથાપુર, પાતા ફળિયુ, તા. ઝાલોદ, જિ.દાહોદ) નાની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં શુક્રમભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે પેથાપુર, પાતા ફળિયામાં રહેતાં સામજીભાઈ રામાભાઈ ડામોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની ધરપકડના વિરોધ સાથે દાહોદના કેટલાક નાગરિકોએ S.D.M.ને આવેદન આપ્યું

દાહોદ,

ધારાસભ્ય જીગ્નેશ મેવાણી ગેરકાયદેસર ધરપકડનું સજ્ઞાન લઈ રાજયના દરેક નાગરિકો ના બંધારણીય મૂળભૂત અધિકારોને જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા કાર્યવાહી કરવા રાજ્ય સરકારને આદેશ આપવા માટે દાહોદ જિલ્લાના કેટલાક નાગરિકો દ્વારા રાજયપાલને સંબોધતું એક આવેદનપત્ર દાહોદ જિલ્લા એસ.ડી.એમ.ને આપવામાં આવ્યું હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગુજરાત રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી રહી છે. રાજયમાં સરકારની નીતિઓની વ્યાજબી ટીકા કરતા અને પ્રજાની મુશ્કેલીઓ પ્રત્યે રાજ્ય સરકારનું ધ્યાન દોરતાં અવાજોને રાજ્ય સરકાર દ્વારા દબાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા. વધુમાં જણાવ્યા અનુસાર કર્મચારી આંદોલન હોય એલઈડીના યુવાનોનું આંદોલન હોય પોલીસ ગ્રેડ પે નો આંદોલન હોય પેપર ફૂટવાની ઘટના હોય દલિત અત્યાચારની ઘટના હોય કે રાજયના નાગરીકોના અન્ય કોઈપણ અધિકારોની વાત હોય ત્યારે વિધાનસભાની અંદર અને બહાર લોકોના અધિકારો માટે અવાજ ઉઠાવનાર ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આશ્રમ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવે એ ઘટના સરકારે લોકોની વાત સાંભળવાનું બંધ કરી દીધું છે. એ ઘટનાની સાક્ષી પુરે છે, તેવા પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા. ત્યારે આ તમામ પોલીસ દ્વારા કરવામાં આવેલ જીગ્નેશ મેવાણી ધરપકડ કાયદાકીય અને બંધારણીય અધિકારો ઉપર રીતસરની તરાપ છે. તેવા પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા. જેથી જીગ્નેશ મેવાણીની ગેરકાયદેસર ધરપકડનું સજ્ઞાન લઈ રાજયના દરેક નાગરિકોના બંધારણીય મૂળભૂત અધિકારો જળવાઈ રહે તે માટે સુનિશ્ચિત કરવા કાર્ય કરવા સરકારને આદેશ કરવા સારૂ દાહોદના કેટલાક નાગરિકો દ્વારા ગુજરાતના રાજયપાલને સંબોધતું એક આવેદનપત્ર દાહોદ જિલ્લા એસ ડી એમ ને આપવામાં આવ્યું હતું.

# હરિયાણા ACBએ રાજપીપળાના પોલીસ ઈન્સપેક્ટરને ૩ લાખની લાંચ લેતા રંગેહાથે પકડ્યા

નર્મદા,

દેશભરમાં ચલાવાતા ડુપ્લિકેટ માર્કશીટ અને ડિગ્રી કાંડને ઉજાગર કરી નર્મદા જિલ્લા પોલીસે ડિપાર્ટમેન્ટની વાહ વાહી મેળવી હતી. હવે આજ કેસમાં તપાસ ચલાવી રહેલા રાજપીપળા ટાઉન પીઆઈ હરિયાણામાં એસીબીના હાથે આરોપીના પરિવાર પાસેથી ૨ લાખની લાંચ લેતા રંગેહાથ પકડાતા નર્મદા પોલીસનું નાક કપાવી નાખ્યું છે. રાજપીપળા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર પીઆઈ જગદીશ ચૌધરીએ અમરિંદર પુરીના કેસને નબળો પાડવા અને પૂરક ચાર્જશીટ કોર્ટમાં ન સોંપવા માટે ૩ લાખ રૂપિયાની લાંચ માગી હોવાની ફરિયાદ હતી.



રાજપીપલા ટાઉન પી.આઈ જગદીશ જે.ચૌધરી હરિયાણાના ગુરૂગ્રામમાં ૨ લાખની લાંચ લેતા હરિયાણા સ્ટેટ એ.સી.બી દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. એમની સ્થાનિક પોલિસ દ્વારા રવિવારે રાત્રે જ ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાજપીપલાના ટાઉન પી.આઈ જગદીશ ચૌધરીને રાજ્ય વિજિલન્સ બ્યુરો, હરિયાણાની રોહતક ટીમ દ્વારા રવિવારે રાત્રે ગુરુગ્રામના સેક્ટર-૪૯ વિસ્તારમાંથી ૨ લાખ રૂપિયાની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતા. સોમવારે લાંચિયા પીઆઈને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ પર લેવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

નર્મદા જિલ્લા પોલીસે ફેક ડિગ્રી-માર્કશીટનું આંતરરાજ્ય કૌભાંડ ઝડપી પાડ્યું હતું. નર્મદા એલસીબી ટીમે દિલ્હીથી મહિલા સૂત્રધારને ઝડપી લીધી હતી. બીજી બાજુ જિલ્લા પોલિસ વડાએ આ મુદ્દે વધુ તપાસ માટે એસઆઈટીની રચના કરવાની જાહેરાત કરી હતી. આ કેસની તપાસ રાજપીપલા ટાઉન પી.આઈ જગદીશ ચૌધરી પણ કરી રહ્યા હતા. કેટલીય યુનિવર્સિટી, બોર્ડની નકલી ડિગ્રી બનાવવાના મામલે નર્મદા પોલિસે હરિયાણાના ગુરૂગ્રામની એક મહિલાની ધરપકડ કરી હતી. તેની પૂછપરછ દરમિયાન ફરીદાબાદના અમર નગરમાં રહેતા અમરિંદર પુરીની ભૂમિકા સામે આવતા એને રાજપીપળા પોલીસ સ્ટેશન લઈ આવ્યા હતા.

તપાસ બાદ ૨૪ ફેબ્રુઆરીએ તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. રાજપીપળા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર જગદીશ ચૌધરીએ અમરિંદર પુરીના કેસને નબળો પાડવા અને પૂરક ચાર્જશીટ કોર્ટમાં ન સોંપવા માટે ૩ લાખ રૂપિયાની લાંચ માગી હતી.

હરિયાણાના ગુરૂગ્રામના ડીએલએફ ફેઝ-૧ માં રહેતા સંદીપ પુરીએ જગદીશ ચૌધરીનો સંપર્ક કરીને ૧ લાખ રૂપિયા આપ્યા હતા, એ પછી પણ તેઓ રાજી ન થયા. પછી બાકીના બે લાખ રૂપિયા ગુરુગ્રામમાં આપવાનું નક્કી થયું.વાતચીતને કર્યા પછી, સંદીપ પુરીએ સ્ટેટ વિજિલન્સ બ્યુરો, હરિયાણાને ફરિયાદ કરી હતી. ફરિયાદ સામે આવતાની સાથે જ બ્યુરોના ગુરુગ્રામ રેન્જના ડીઆઈજી બલવાન સિંહ રાણાએ સંપૂર્ણ રણનીતિ તૈયાર કરી હતી. લાંચ લેતા ઈન્સપેક્ટરને પકડવાની જવાબદારી બ્યુરોની રોહતક ટીમના ઈન્ચાર્જ ડીએસપી સુમિત કુમારને સોંપવામાં આવી હતી. વાતચીત મુજબ ઈન્સપેક્ટર જગદીશ ચૌધરી સેક્ટર-૪૯ વિસ્તારમાં સંચાલિત એક ગેસ્ટ હાઉસમાં પહોંચ્યા અને ત્યાં જ પૈસા લેતા ટીમે તેને પકડી લીધા હતા.

# દાહોદ પાલિકા ફુડ વિભાગ દ્વારા ત્રણ સ્થળે થી ઘીના નમુના લઈ પરિક્ષણમાં મોકલતા ઘી ક્ષતિ જણાતા ૧.૭૦ લાખનો દંડ કરાયો



દાહોદ,

દાહોદ શહેરમાં એક દુકાનદાર પાસેથી દાહોદ નગર પાલિકાના ફુડ સેફટી ઓફિસર દ્વારા ઘી પેકિંગનો નમુનો લઈ પૃથ્થકરણ માટે વડોદરા ખાતે સીલબંધ ક્વરમાં મોકલી આપવામાં આવ્યું હતું. આ ઘી ક્ષતિઓ જણાતા આ મામલે દાહોદના એજ્યુકેટીવ ઓફિસર અને નિવાસી અધિક કલેકટર દ્વારા માલિક અને બે ઉત્પાદક પેઢી સહિત ત્રણ જણાંને કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦/- નો દંડ ફટકારવાનો હુકમ કરતા દાહોદ શહેર સહિત જિલ્લાના વેપારીઓમાં ફફડાટ સાથે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ગત તારીખ ૬ માર્ચ ૨૦૨૧ના રોજ દાહોદ દાહોદ નગર પાલિકાના ફુડ સેફટી ઓફિસર પિંકલ નગરાળા સહિત તેમની ટીમે દાહોદ શહેરના નેતાજી બજાર ખાતે આવેલ બાબુભાઈ સાહેબલાલ શાહની જૈન ટ્રેડર્સ દુકાનમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી અને પ્રસંગ ગાય પ્રીમિયમ ઘી નું ૨૦૦ એમએલ નું પેકિંગ લઈ જેને સીલ બંધ કરી ફુડ એનાલિસ્ટ વડોદરાને ઉતરણ કરાવવા સારૂ મોકલી આપેલ હતું. જેનો રિપોર્ટ તારીખ ૧૭.૦૭.૨૦૨૧ ના રોજ અને જેમાં ઘી ના નમૂનામાં ક્ષતિઓ જણાવતા આ કેસ એજ્યુકેટીવ ઓફિસર અને નિવાસી અધિક કલેકટર દાહોદ પાસે પહોંચતા આ મામલે નિવાસી અધિક કલેકટર દ્વારા માલિક બાબુભાઈ સાહેબ લાલ શાહને રૂપિયા ૩૫,૦૦૦/-, ઘી ના ઉત્પાદક મુકેશભાઈ જમનભાઈ બાલધાને રૂપિયા ૬૦,૦૦૦/- અને ઉત્પાદક કોરોવા મિલ્ક પ્રાઈવેટ લિમિટેડને રૂપિયા ૭૫,૦૦૦/- એમ ત્રણેય જણાંએ કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦ દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો હતો.

# ફઝાઈલે શબે કદ્ર

હઝરત નબી એ કરીમ સલ્લલ્લાહો અલય હે વઆલેહિ વસલ્લમ કો એક દિન ખ્યાલ આયા કે અલ્લાહ તઆલા મેરી ઉમ્મત કે સાથ કયા સુલુક ફરમાએગા તો વહીઆઈ, યા મોહમંદ સલ્લલ્લાહો અલય હે વઆલેહિ વસલ્લમા આપ કબ તક ઉજમત કા ગમ ખાએગે મે આપ કી ઉમ્મત કો દુનિયા સે ઉસ વકત તક ન ઉઠા ઉગા જબ તક ઉન કો દુનિયા મે શાને અંબિયા કા દરજ્જા ન દે દૂ અજબિયા કી શાન યે હે કે ફરીશ્તે ઉન પર વહી ઔર સલામ લેકર આતે હૈ આપ કી ઉમ્મત પરભી ઈસી તરહ શબે કદ્ર મેં ફરિશ્તે નાઝીલ હોંગે ઔર ઝેરી તરફ સે સલામ ઔર રહમત પહોંચા એગે.

હદીસ મે આયા હૈ કે શબે કદ્ર દુસરી રાતો સે કઈ લીહાઝ સે અફઝલ હે ૧. ફરિશતો કે અરવા હે સાલેહીન ઔર ઈબાદત ગુજાર બંદો કી મુલાકાત કે લીયે આસમાન સે ઝમાન પર આતી હૈ. ૨. શબે કદ્ર મેં કુરઆન શરીફ લોહે ગે હફુઝ સે આસમાન સે દુનિયા પર નાઝિલ હુવા યે વોહ ફઝીલત હૈ જીસકી કોઈ હદ વ મીસાલ નહી. ૩. શબે કદ્ર અફઝલ હૈ ગૈર શબે કદ્ર કે તીસ હજાર દીન ઔર તીસ હજાર રાતો સેં. ૪. હુઝુર સલ્લલ્યા હો અલય હૈ વસલ્લામને ઈરશાદ ફરમાયા જીસને શબે કદ્ર મે કયામ યાનીઝ કો નમાઝ ઔર ઈબાદત મેં શબબેદારી કી ઉસકે પિછલે તમામ ગુનાહ બખ્સ દિયે જાતે હૈ. ( તોહ-ફ-એ- રમઝાન શરીફ પાન. ૬૫-૯૬)

તા. ૨૭/૦૪/૨૦૨૨ બુધવાર.
વકતે શહેરી ૪-૩૯.
વકતે ઈફતાર ૭-૦૪.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.207

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા શહેરની મધ્યમાં આવેલ તળાવોની દુર્દશા

# રામસાગર તળાવનો ખુલ્લા બચેલ એકભાગની સ્વચ્છતા જાળવી રાખવામાં પાલિકા તંત્ર નિષ્ફળ

### પાલિકા સત્તાધિશો તળાવની જાળવણી માટે ધ્યાન નહી આપે તો આવનાર પેઢીને માત્ર તળાવો હતા તેમ કહેવું પડશે ?





ગોધરા,

ગોધરા શહેરની મધ્યમાં આવેલ રામસાગર તળાવ જે નગરની શોભામાં અભિવૃતિ કરે છે પરંતુ શહેર પાલિકાની સત્તાધિશોની આળશ અને બેદરકારીના પરિણામે તળાવના કિનારો પર અસહ્ય ગંદકી થી ઉભરાઈ રહ્યા છે. એક તરફ સ્વચ્છતા અભિયાન અંતર્ગત જળાશયોની સ્વચ્છતા ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે. ત્યારે પાલિકા તંત્ર તળાવના કિનારાઓની ગંદકી દુર કરવા માટે જાણે કોઈ મૂર્હતની રાહ જોઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

ગોધરા શહેરની મધ્યમાં રામસાગર, સીતા સાગર અને લક્ષ્મણ સાગર એમ ત્રણ તળાવો આવેલ છે. જે શહેરની શોભામાં અભિવૃતિ કરે છે. દેશ અને રાજ્યમાં એક ગોધરાની મધ્યમાં આવેલ રામસાગર તળાવ એવું છે. જેની ચારે તરફ શોપીંગ સેન્ટર ઉભા કરીને બંધીયાળ કરી દેવામાં આવ્યું છે. હાલ રામસાગર તળાવના એકમાત્ર ચબુતરા સોનીવાડ તરફનો ભાગ ખુલ્લો જોવા મળે છે. તળાવની ચારે તરફ શોપીંગ સેન્ટરો વચ્ચે ચબુતરા તરફનો તેમજ લાલબાગ મંદિર બસ સ્ટેશન વિસ્તાર જેટલો ભાગ ખુલ્લો રહ્યો છે. તેમ છતાં તળાવનો આટલો માંડ બચી ગયેલા ભાગની સ્વચ્છતા માટે પણ પાલિકા તંત્ર નિષ્ફળ જોવા મળી રહ્યું છે. ચબુતરા તરફના તળાવના ખુલ્લા ભાગના કિનારા ઉપર ગંદકીના ઢગલાઓથી ખદબદી રહ્યું છે. તળાવના કિનારે જે રીતે ગંદકી ફેલાયેલ છે. તે જોતાં ગોધરા શહેરની પહેલીવાર મુલાકાત લેતા લોકો નગરની સ્વચ્છતા બાબતે કેવી ધારણા બાંધતા હશે તે વિચારવા જેવું છે. રામસાગર તળાવના કિનારે ગંદકીના ઢગલાઓથી પાલિકા તંત્ર અજાણ છે તેવું નથી. કારણ કે, તળાવના કિનારે પાલિકાની કચેરી આવેલ છે અને સત્તાધિશો તળાવના કિનારા ઉપર ફેલાયેલી ગંદકી અંગે જાણકારી પણ ધરાવે છે. પરંતુ તળાવની ગંદકી સાફ કરવામાં પાલિકા સત્તાધિશોને રસ નથી. રાજ્ય સરકાર દ્વારા અન્ય શહેરોના તળાવોના બ્યુટીફિકેશન માટે લાખોની ગ્રાન્ટ ફાળવવામાં આવી અને આવી ગ્રાન્ટો થકી અન્ય શહેરના તળાવોનું બ્યુટીફિકેશન કરતાં શહેર નગરોની શોભા સાથે રહીશો માટે હરવા ફરવાનું સ્થળ તરીકે ઉભરી આવ્યું પરંતુ ગોધરા શહેરના રામસાગર તળાવ માટે આવું વિચારવું યોગ્ય નહિ ગણાય કારણ કે, જ્યારે રામસાગર તળાવના એકમાત્ર ખુલ્લા ભાગ ઉપર ગંદકીના ઢગલાઓ દુર કરવામાં રસ રહ્યો નથી. ત્યારે તળાવની ફરતે બ્યુટીફિકેશનની કામગીરી કરાશે તે અતિશયોકિત ગણાશે. હાલ ઉનાળાના સમયે રામસાગર તળાવમાં પાણીનું સ્તર ઘટી રહ્યું છે. આંમ પણ રામસાગર તળાવમાં પાણીની આવક કરતી કાંસો બચી નથી. જેને લઈ તળાવમાં છેલ્લા કેટલાક વર્ષોથી પાણીની આવક વધી રહી નથી. આવી બધી બાબતોને ધ્યાનમાં લઈ નગર પાલિકા તંત્ર દ્વારા રામસાગર તળાવમાં છેલ્લા કેટલાક વર્ષોથી એકઠા થયેલા કાંપને બહાર કઢાવીને તળાવને ઉંડુ કરવા માટે પણ ધ્યાન આપવું જરૂરી છે.

> ગોધરા પાલિકા દ્વારા રામસાગર તળાવની સાફ સફાઈ કરવા માટે ખાનગી એજન્સીને વાર્ષિક ૮ લાખનો વર્કઓર્ડર આપવામાં આવ્યો પરંતુ આ એજન્સી દ્વારા માત્ર તળાવ માંથી જળકુંભી દુર કરાઈ હતી. જ્યારે તળાવના કિનારા ઉપર થી દેખાતી ગંદકી હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. આ એજન્સીને પાલિકાએ નોટીસ આપીને સંતોષ માન્યો છે.

ગોધરા મધ્યમાં રામસાગર તળાવને જોડતા બગીચા તરફ અને રેલ્વે ટ્રેકની બાજુમાં બે અન્ય તળાવો સીતા સાગર અને લક્ષ્મણ સાગર પણ આવેલ છે. જે તે સમયે સીતા સાગર, અને લક્ષ્મણ સાગરની ફરતે વોક વે બનાવવામાં આવ્યો હતો. તે તળાવની સુંદરતા વધારી રહ્યો હતો પરંતુ તેની જાળવણી કરવામાં પણ પાલિકા તંત્ર નિષ્ફળ રહ્યું પરિણામે હાલ આ બન્ને તળાવો ફરતે લાખો રૂપીયાના ખર્ચ બનાવેલ વોક વે ખખડધજ બન્યા છે. ત્યારે ગોધરા શહેરના નગરજનો ઈચ્છી રહ્યા છે કે શહેરના તળાવોની સ્વચ્છતા અને સુંદરતા જળવાઈ રહે સાથે આવનાર પેઢીને શહેરમાં તળાવ હતા એમ કહેવાના સ્થાને તળાવ છે. તેવું કહેવા માટે પાલિકા સત્તાધિશો વિચાર કરશે. તે જોવું રહ્યું.

## શહેરા પોલીસ મથકે છેતરપિંડીના ગુનાના આરોપી જે.બી.સોલંકી હાજર થવા ગયાનો વિડીયો વાયરલ છતાં ધરપકડ કેમ નહિ કરાઈ તેવા સવાલો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા પોલીસ મથક ખાતે છેતરપિંડીના આરોપી જે.બી.સોલંકી જાતે હાજર થવા ગયા હોય તેવો વિડિયો સોશીયલ મીડીયા વાયરલ થયો છે. આરોપી પોતાની ગાડી લઈને બહાર ફરી રહયા હોય ત્યારે પોલીસે કયા કારણસર છેતરપિંડીના આરોપીની ધરપકડ કરી નહિ તેવા અનેક સવાલો લોકોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

શહેરા તાલુકા પંચાયતના વાડી બેઠકના સદસ્ય જે.બી.સોલંકી સામે બે માસ અગાઉ છેતરપિંડીની ત્રણ ફરીયાદ પોલીસ મથક ખાતે નોંધાઇ હતી. જ્યારે સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો છે. જેમાં તાલુકા પંચાયત સદસ્ય જે.બી.સોલંકી જાતે શહેરા પોલીસ મથક ખાતે એક આરોપી હોવાથી તેઓ હાજર થવા જાય છે અને પોલીસ મથકના પીએસઓ ને કોરોના રિપોર્ટ આપી ને બે મહિના થયા અને મારી સામે ત્રણ ફરીયાદ થઈ છે. તે માટે હું એરેસ્ટ થવા આવ્યો છુ.મારી સામે ૪૨૦,૪૦૬મુજબ ગુનો આ પોલીસ મથક ખાતે નોંધાયો છે. એ પણ કોઈ પૂર્ઈ પુરાવા વગર મારી સામે ગુનો નોંધાયો હોય એ પણ પાંચ વર્ષ જૂનો તો જેઠા ભરવાડ સામે પણ ગુનો નોધાવો જોઈએ અને મને એરેસ્ટ કરો તેવુ કહી રહયા છે. વાયરલ થયેલા વિડિયો માં જે રીતે પોલીસ મથક ખાતે બપોરના સમયે તાલુકા પંચાયત સદસ્ય એક આરોપી હોવાથી પોતે જ સામેથી હાજર થતા હોય તેમ છતાં પોલીસ તેમની સામે નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં પોલીસ તેમની ધરપકડ કરતા નથી તે પણ એક ચર્ચાનો મુદ્દો તાલુકા પંથકમાં થઈ રહયો છે. જે.બી.સોલંકી સામે પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધ્યા પછી પણ તેઓ તાલુકા પંચાયતની મિટિંગમાં તેમજ સરકારી કચેરીઓમાં જોવા મળતા હોય તેમ છતાં પોલીસ પકડી શકતી ના હતી. પરંતુ જ્યારે આરોપી પોતેજ પોલીસ મથક ખાતે આવીને મારી ધરપકડ કરો તેમ કહેવા છતાં પોલીસ આ સામે કાર્યવાહી ના કરતી હોય ત્યારે પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉઠે તો નવાઈ નહીં. ઉલ્લેખનીય છેકે પોલીસ મથક ખાતે કોઈ પણ ફરિયાદ નોંધાઇ હોય તો પોલીસ આરોપીને પકડવા માટે દિવસ માં બે કે ત્રણ વખત જતા હોય તેમજ પોલીસનો મોટો કાફલો સાથે રાખતો હોય ત્યારે ઉપરોક્ત બાબત ને લઈને એવું તો ક્યું કારણ હશે પોલીસ છેતરપિંડીના ગુનાના આરોપીને પકડવા તૈયાર નથી.

## ઘોઘંબા રાજગઢ પોલીસ મથકના પોસ્કોના ગુન્હામાં ૬ વોન્ટેડ આરોપીને ઝડપી પાડયા

ઘોઘંબા,

પંચમહાલ જિલ્લા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા તથા પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી તથા એચ. એ.રાઠોડ નાયબ પોલીસ અધિક્ષક હાલોલ વિભાગ હાલોલ તથા એ.આર.પલાસ સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર હાલોલ સર્કલ નાઓએ સુચના કરેલ કે સગીર વયની માસુમ છોકરીઓને લાલચ આપી લગ્ન કરવાના ઈરાદે તેના માં- બાપના કાયદેસરના વાલીપણા માંથી સગીર છોકરીઓને ભગાડી જવામાં આવે છે. જેથી આ પ્રકારના ગુના કરવાવાળા આરોપીઓ તથા ભોગ બનનારને સત્વરે ઝડપી પાડવા સુચના આપવામાં આવેલ જેથી રાજગઢ પોલીસ સ્ટેશનના P.S.I આર.આર.ગોહિલ નાઓએ પોતાના અંગત બાતમીદારો થી તથા ટેકનિકલ સર્વેલન્સની મદદથી ક્રમબંધ માહિતી એકઠી કરી આરોપીઓ તથા ગોયાસુંડલ, ઝોઝ, દાઉદ્રા, રવેરી, મોલ ગામની ભોગ બનનારને શોધી કાઢવા સારૂ અલગ-અલગ રાજગઢ પોલીસ સ્ટેશનની ટીમ બનાવવામાં આવેલ જેથી આજ થી લઈ છેલ્લા સાત માસ દરમિયાન રાજગઢ પોલીસ સ્ટેશનના ચાર ગુનામાં નાસતા ફરતા ૦૫ આરોપીઓ તથા ૦૪ ભોગ બનનાર તેમજ પેરોલ ફર્લો સ્કોડ પંચમહાલ દ્વારા રાજગઢ પોલીસ સ્ટેશનના ૦૧ ગુનામાં નાસતા ફરતા ૦૧ આરોપીઓ તથા ૦૧ ભોગ બનનારને ચાલુ એપ્રિલ માસ દરમિયાન ઝડપી પાડવામાં સફળતા મળેલ છે. તેમજ ૧૮ વર્ષ કરતા નાની સગીર વયની છોકરીઓ સાથે લગ્ન કરવાના ઈરાદે નાશી છુટનાર આરોપીઓની ધરપકડ કરી મેડિકલ પુરાવા એકત્રિત કરી નામદાર કોર્ટમાં રજૂ કરતા નામદાર કોર્ટે ગોધરા જિલ્લા સબ જેલ ખાતે હવાલાતમાં મોકલી આપેલ છે અને તેઓના લાંબા સમય સુધી જામીન મળવાની શકયતા નહિવત છે. જેથી રાજગઢ પોલીસ સ્ટેશન પંચમહાલ જિલ્લા પોલીસની કડક કાર્યવાહીથી સગીર વયની છોકરીઓને લલચાવી ફોસલાવી ભગાડી જનાર અસામાજીક તત્વોમાં ફફડાટવ્યાપી ગયેલ છે.

### પોલીસે ઝડપી પાડેલ વોન્ટેડ આરોપીઓ

૧, જીગ્નેશ ભાઈ કેશુભાઈ રહેઃ- કાશીયા, ઘોડા પરૂણા, તાલુકો- કાલોલ.
૨, પ્રકાશભાઈ પર્વતભાઈ રહેઃ- પાધોરા, તાલુકો- ઘોઘંબા.
૩, સવજીભાઈ ધનાભાઈ રહેઃ- દાઉદ્રા,તાલુકો- ઘોઘંબા.
૪, સુરેશભાઈ સવજીભાઈ રહેઃ- દાઉદ્રા,તાલુકો- ઘોઘંબા.
૫, અજયભાઈ રમેશભાઈ રહેઃ- નુરાપુરા, તાલુકા-હાલોલ.
૬, મહેશભાઈ ગણેશભાઈ રહેઃ- રાયણીયા, તાલુકો-કાલોલ.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-પંચમહાલ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ હેઠળ "કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી" અંતર્ગત કૃષિ મેળો અને પ્રદર્શનનું આયોજન

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કાલોલ તાલુકાનાં વેજલપુર ખાતે કાર્યરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આઝાદીનાં અમૃત મહોત્સવ હેઠળ કિસાન ભાગીદારી પ્રાથમિકતા હમારી અંતર્ગત કૃષિ મેળો અને પ્રદર્શનનું આયોજન અશ્વીનભાઈ પટેલ, પ્રમુખ ભારતીય જનતા પાર્ટી અને જયદેવસિંહ ઠાકોર, પ્રમુખ તાલુકા પંચાયત કાલોલનાં અધ્યક્ષ સ્થાને તાઃ ૨૬.૦૪.૨૦૨૨ નાં રોજ કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆત કે.વી.કે. નાં વડા ડો. કનક લતા દ્વારા પ્રાકૃતિક ખેતી, હલકા ધાન્ય પાકોની ખેતી પદ્ધતિ વિશે માહિતગાર કરવામાં આવ્યાં, જીલ્લાનાં અધિકારીઓ ખેતીવાડી અધિકારી, નાયબ બાગાયત નિયામક, જીલ્લા પશુપાલન અધિકારી અને પ્રોજેક્ટ ડાયરેકટર દ્વારા તેમના વિભાગની યોજનાકીય માહીતી આપવામાં આવી.

કાર્યક્રમનાં વિશેષ અતિથિ જયદેવસિંહ ઠાકોર પ્રમુખ, તાલુકા પંચાયત કાલોલ દ્વારા પ્રાકૃતિક ખેતી, યોજનાકીય લાભો લેવા માટે ભાર મુકવામાં આવ્યો. મુખ્ય અતિથિ અશ્વીનભાઈ પટેલ, પ્રમુખ ભાજપ પંચમહાલ દ્વારા જીલ્લાનાં ખેડૂતોને ખેતી વિષય માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમ અંતર્ગત પંચમહાલ અને મહીસાગર જીલ્લામાંથી કુલ ૩૦૦ ખેડૂતોએ ભાગ લીધો જેમાં પ્રદર્શન અંતર્ગત કુલ૯ સ્ટોલ મુકવામાં આવ્યાં. જેમાં પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખેતીવાડી, બાગાયત, પશુપાલન અને આત્મા પ્રોજેક્ટ દ્વારા સ્ટોલ મુકવામાં આવ્યાં. આ કાર્યક્રમનું સફળ સંચાલન જયપાલસિંહ જાદવ, વિષય નિષ્ણાંત (વિસ્તરણ શિક્ષણ) દ્વારા કરવામાં આવ્યું.

### ભારત સરકારના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી

## અમિતભાઈ શાહના સંભવિત કાર્યક્રમના સુચારૂં આયોજન અંગે પંચમહાલ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ



ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીના ઓકિસજન પ્લાન્ટ અને પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેન્કના નવનિર્મિત ભવનના લોકાર્પણ સમારોહના સંભવિત કાર્યક્રમમાં ભારત સરકારના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ પધારનાર છે. જે કાર્યક્રમના સુચારૂં આયોજન માટે પંચમહાલ જિલ્લા કલેકટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી તેમજ પંચામૃત ડેરીના મેનેજીંગ ડીરેક્ટર મીતેષ મહેતા અને પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેન્કના મેનેજીંગ ડીરેક્ટરની ઉપસ્થતિમાં જિલ્લાના સંબધિત અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી ના ઓકિસજન પ્લાન્ટ અને પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેન્કના નવનિર્મિત ભવનના લોકાર્પણ સમારોહના સુચારૂં આયોજન અંગે પંચામૃત ડેરીના મેનેજીંગ ડીરેક્ટર, પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેન્કના મેનેજીંગ ડીરેક્ટર તેમજ જિલ્લાના સંબધિત અધિકારીઓ સાથે કાર્યક્રમ સંબધિત આયોજન અંગેની જાણકારી મેળવી તે સંદર્ભે કરવાની થતી કામગીરી માટે ચર્ચા વિચારણા કરી જરૂરી સલાહ સુચન કરી આ કાર્યક્રમને સુપરે પાર પાડવા માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી તેમજ જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહી કામગીરી કરવા જણાવ્યું હતું.

## ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ગોધરા તાલુકાનો આરોગ્ય મેળો યોજવામાં આવ્યો



ગોધરા,

પંચમહાલ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા અને ગોધરા તાલુકા હેલ્થ કચેરીના સૌજન્યથી લોકોની આરોગ્ય પ્રત્યેની જાગૃતિ કેળવવા એક નવતર પ્રયાસ રૂપે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ગોધરા તાલુકા હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેલ્થ મેળાનું ઉદઘાટન જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકીનાં અધ્યક્ષ સ્થાને મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું.આ બ્લોક હેલ્થ મેળામાં તમામ વિભાગના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા નિદાન અને સારવાર આપવામાં આવી હતી. આ હેલ્થ મેળામાં કુલ ૮૬૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આયુષ્યમાન કાર્ડ-૧૩, હેલ્થ આઇ ડી જનરેટ-૧૨૪, મિશન નીરામયા skrining-૮૨, ટેલી મેડીસિન કોલ-૪૦, બ્લાઈન્ડનેસ કંટ્રોલ પ્રોગ્રામ OPD-૩૫, બી.પી./ડાયાબિટીસ સ્કીનીંગ-૮૨, એનિમિયા મુકત ભારત અંતર્ગત એનીમિક વ્યક્તિની તપાસ-૭૨, જનરલ ઓ.પી.ડી.-૧૦૬,બાળ રોગ ઓ.પી.ડી.-૭૭, સ્કીન ઓ.પી.ડી.-૮૧, હાડકા વિભાગ-૨૯,દાંત વિભાગ-૩૩, ગાયનેક-૫૯,રસીકરણ કામગીરી-૨૩, આયુર્વેદ-૪૯, હોમીઓપેથીક -૪૪ એમ મળી મોટી સંખ્યામાં લાભાર્થીઓએ હેલ્થ મેળાનો લાભ લીધો હતો. આ મેળામાં વિવિધ હેલ્થ સ્ટોલ દ્વારા લોકોને માર્ગદર્શન આપી સાવચેત રહેવા માહિતગાર કરવામાં આવ્યા હતા.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પીવાના પાણીને લગતી ફરિયાદ માટે ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર ૧૯૧૬

ગોધરા,

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર દ્વારા ઓનલાઇન કમ્પ્લેઇન રજીસ્ટર કરવા માટે કંટ્રોલ રૂમ કાર્યરત છે. જેનો ટોલ-ફ્રી હેલ્પ લાઇન નબર ૧૯૧૬ છે. જેના પર પીવાના પાણીને લગતી ફરિયાદ નોંધવામાં આવે છે અને સદર ફરિયાદનો નિકાલ થયેથી જે-તે વ્યક્તિને તેની જાણ કરવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ સદર ટોલ ફ્રી નંબર પર પાણીને લગતી વિવિધ પ્રકારની બાબતોને લગતી ફરિયાદ જેવી કે હેન્ડપંપને લગતી, સ્વચ્છતાને લગતી, પાણીની ક્વોલીટીને લગતી, પાણીના જથ્થાને લગતી, વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાને લગતી, જુથ પાણી પુરવા યોજનાને લગતી, લાઇન લીકેજને લગતી પાણી ચોરીને લગતી વિગેરે બાબતે ફરિયાદ નોંધાવી શકે છે. તેમ કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગોધરાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગોધરા શહેરના બામરોલી રોડ અંકુર સોસાયટીમાં મિલ્કતની આકારણી કરવાની અદાવતે અપશબ્દો બોલીને ઝઘડો કરતા ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલી અંકુર સોસાયટીમાં રહેતા દિલીપભાઈ ચેલારામ ઉકાણીએ ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતા લલિતભાઈ હેમરાજાનીએ ગોધરા નગરપાલિકાના તેઓની મિલકતની આકારણી ન કરવા માટે વાંધા અરજી આપી હતી, પરંતુ પાલિકાના અધિકારી તથા કલાર્ક દ્વારા આકારણી કરવામાં આવી હતી, જેને લઈને લલિત હેમરાજાણીએ દિલીપભાઈને જણાવ્યું હતું કે, આ આકારણી તારા કહેવાથી થઈ છે. તેવો શક વહેમ રાખી આરોપીએ ફોન પર અપશબ્દો બોલીને મારી નાંખવાની ધમકી આપી હતી. સાથે જ દિલીપભાઈના ઘરે જઈને ઝઘડો કરીને તેઓની બારીના કાચ તોડી નાંખીને પાર્કિંગમાં મુકેલ બાઈકને પણ નુકશાન પહોંચાડ્યું હતું. સમગ્ર બનાવ અંગે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પુષ્ટિ સંપ્રદાયના આચાર્ય મહાપ્રભુજીના ૫૪૫ માં પ્રાગટ્ય મહોત્સવ નિમિતે રાણા વ્યાસવાડી ખાતે કાર્યક્રમ યોજાયો

ગોધરા,

પુષ્ટિ સંપ્રદાયના પ્રણેતા આચાર્ય મહાપ્રભુજીના ૫૪૫ માં પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે ગોધરા સ્થિત રાણા વ્યાસવાળી બેઠક ગોધરા ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાગવત સપ્તાહ, સમાજ, કીર્તન, મંગળા, ધ્વજ વંદના, કેસર સ્નાન, પલના, નંદ મહોત્સવ જેવા ધાર્મિક કાર્યક્રમોનો મોટી સંખ્યામાં વૈષ્ણવોએ લાભ લીધો હતો. બેઠકના ટ્રસ્ટીઓ દ્વારા આ કાર્યક્રમ સંપૂર્ણ સફળ થાય તેવી ભારે જહેમત ઊઠાવી હતી. ગોધરા સોની સમાજના સુનિલભાઈ શશીકાંત સોની મનોરથીને ત્યાંથી કળશ યાત્રા નગરના રાજમાર્ગો પર પસાર કરવામાં આવી હતી અને પરત બેઠકજી ખાતે પહોંચી હતી. કળશ યાત્રાનુ ભાગવત કથાકાર સંજયભાઈ ઉપાધ્યાય પોર વાળા, ગોધરા નગરપાલિકાના પ્રમુખ સંજયભાઈ સોની તથા નગરના વૈષ્ણવોએ સ્વાગત કર્યું હતું. કળશ યાત્રામાં સોની સમાજ સહિત વૈષ્ણવ સમાજ મોટી સંખ્યામાં જોડાયા હતા.